સુવિચાર
મન પંચરંગી છે, ક્ષણે ક્ષણે તેના રંગ બદલાય છે એક જ રંગના રંગાયેલા કોઈ વિરલા જ હોય છે...

RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક


ગોંડલ પંથકમાં છથી વધુ ઘરફોડ ચોરીને અંજામ આપનાર બેલડી ઝડપાઈ
P-4

Year-16, Issue-108 ■ DATE : 12-08-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# તિરંગા યાત્રાથી રાજકોટમાં સર્જાયો દેશભકિતનો અદભુત નજારો


તસ્વીર : ગૌરવ લશ્કરી

### બહુમાળી ભવન ચોકથી જ્યુબિલી ગાર્ડન ચોક સુધીની તિરંગા યાત્રાઃ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ-શહેરીજનો જોડાયા






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં ૯ ઓગસ્ટથી તિરંગા યાત્રાનો પ્રારંભ થયા બાદ આજે ૧૨ ઓગસ્ટના રોજ રાજકોટમાં પ્રભારી મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા યોજાઈ હતી. આજની તિરંગા યાત્રાથી રાજકોટ શહેર દેશભક્તિના રંગમાં રંગાઈ ગયુ હતું. આ તિરંગા યાત્રામાં શહેરની સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં રાજકોટના નગરજનો જોડાયા હતાં. ઉલ્લેખનીય છે કે ૭૯માં સ્વતંત્રતા પર્વની ઉજવણી ભાગરૂપે હરઘર તિરંગા હરઘર સ્વચ્છ્તા સ્લોગન સાથે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજકોટ શહેરના બહુમાળી ભવન ચોક ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા ખાતેથી જ્યુબિલી ગાર્ડન ચોક સ્થિત મહાત્મા ગાંધીની પ્રતિમા સુધી તિરંગા યાત્રા યોજાઈ હતી. દેશવાસીઓમાં રાષ્ટ્રભાવના વધુને વધુ પ્રબળ બને તેવા ઉમદા આશય સાથે ભારત સરકાર દ્વારા તિરંગા યાત્રા અને હર ઘર તિરંગા અભિયાનનું સમગ્ર રાજ્યમાં આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજે રાજકોટમાં તિરંગા યાત્રાનું રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રી રાઘવજી પટેલએ જણાવ્યું હતું કે, કાશ્મીરમાં આતંકી હૂમલા બાદ દેશના માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતીય સેનાના વીર જવાનોએ ''ઓપરેશન સિંદૂર'' હાથ ધરી શત્રૂઓને જડબાતોડ જવાબ આપ્યો હતો. ભારતની સરહદ પર ત્રણેય ઋતુમાં ચોવીસે કલાક ખડેપગે રહી દેશની એકતા અને અખંડિતતા માટે લડતા સેનાના બહાદૂર જવાનોનો જુસ્સો વધારવા અને તિરંગાના સન્માનમાં યોજાયેલી તિરંગા યાત્રામાં ઉમટી પડેલી આટલી મોટી વિશાળ જનમેદની એ બાબતની સાક્ષી પૂરે છે કે, આપણા સૌમાં દેશદાઝ છલકાઈ રહી છે. દેશના શત્રુઓ સામે આપણે સૌએ એકસાથે મળીને લડવું પડશે અને બલિદાન આપવાની તૈયારી પણ રાખવી એ આપણી ફરજ છે. દેશ માટે જે કાંઈ કરવું પડે તે કરવા માટે આપણે સૌએ તત્પર રહીએ અને દેશની એકતા અને પ્રગતિ માટે સંકલ્પ કરીએ એ જ આ પ્રસંગનો સંદેશ છે.

# ગુજરાતમાં ૬૫%થી ઓછો વરસાદ થતા ચિંતાના વાદળો



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં લગભગ ૬૫ ટકા જેટલો સીઝનનો સરેરાશ વરસાદ થયો છે અને સીઝનની શરૂઆતમાં સંખ્યાબંધ તાલુકામાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છતાં હોવા છતાં હાલ રાજ્યના ૧૫ જિલ્લા એવા છે જ્યાં ૬૦ ટકાથી ઓછો વરસાદ થતા ચિંતાજનક સ્થિતિ છે. જૂન મહિનામાં કુલ ૩૦૩ મીમી અને જુલાઈ મહિનામાં ૨૫૧ મીમી જેટલો ભારે વરસાદ થયો હતો. તેની સામે ઓગસ્ટના પ્રથમ દસ દિવસમાં ફક્ત ૧૨.૮૯ મીમી જેટલો જ વરસાદ થવા પામ્યો છે. અત્યાર સુધી ખરીફ સીઝનનું કુલ ૮૭.૪૮ ટકા વાવેતર થવા પામ્યું છે. તેથી ખાસ કરીને સૌરાષ્ટ્રમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદ ખેંચાતા ખેડૂતો હવે મેઘરાજાની મહેર થાય તેવી આશા રાખી રહ્યા છે.

જૂન મહિનામાં તોફાની પ્રારંભ બાદ જુલાઈમાં પણ નોંધપાત્ર વરસાદ થયા બાદ ઓગસ્ટમાં મેઘરાજાની મહેર ઓછી થતા ખેડૂત વર્ગ વાવેતર માટે વરસાદની આશા રાખીને બેઠો છે. સામાન્ય રીતે દર વર્ષે સૌરાષ્ટ્ર ઝોનમાં સીઝનનો સરેરાશ વરસાદ સૌથી વધુ હોય તેના બદલે હાલ તમામ ઝોનમાં સૌથી ઓછો વરસાદ સૌરાષ્ટ્રમાં છે. સૌરાષ્ટ્ર ઝોનમાં સરેરાશ વરસાદ ૫૬.૩૧ ટકા છે તો અન્ય ઝોનમાં દક્ષિણ ગુજરાતમાં ૬૮.૭૯ ટકા, મધ્ય-પૂર્વ ગુજરાતમાં ૬૬.૫૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૬.૨૧ ટકા, કચ્છ ઝોનમાં ૬૫.૧૩ ટકા વરસાદ થયો છે. સોમવારે સવારની સ્થિતિ મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ફક્ત ૨.૮૨ મીમી જ વરસાદ થવા પામ્યો છે. સોમવારે દિવસભર ૨૫૧માંથી ૪૦ તાલુકામાં જ વરસાદ થવા પામ્યો હતો. જેમાં પારડી, માંગરોળ અને વાપી તાલુકામાં હળવો વરસાદ થયો હતો.

ઓગષ્ટ મહિનામાં વરસાદનું જોર સામાન્ય રીતે વધુ રહેતું હોય છે તેના બદલે રાજ્યભરમાં સરેરાશ વરસાદનું નબળુ પ્રમાણ યથાવત રહે તો કળષિ ક્ષેત્રથી લઈ જે જળાશયોમાં પાણીનો પુરવઠો ઓછો છે તેવા વિસ્તારમાં સ્થિતિ કઠીન બની શકે છે. જે જિલ્લામાં ૬૦ ટકાથી ઓછો વરસાદ છે તેના કેટલાક તાલુકામાં હજુ ૩૫ ટકા વરસાદ જ થયો છે.

સરદાર સરોવર ડેમને બાદ કરતા રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાંથી ચોમાસાની સીઝન અડધી પૂર્ણ થઇ ગઇ હોવા છતાં પાણીનો પુરવઠો ઓછો છે. ૩૩ જળાશયો ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે તો ૩૭ ડેમ ૨૫થી ૫૦ ટકા સુધી અને ૩૩ ડેમ ૫૦થી ૭૦ ટકા સુધી જ ભરાયેલા છે. ૭૨ ડેમ ૭૦થી ૯૯ ટકા અને ફક્ત ઝ ડેમ જ સો ટકા ભરાયા છે.

# કેશ કાંડ મામલે પૂર્વ જજ યશવંત વર્મા વિરૂધ્ધ તપાસ કમિટીની રચના



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી હાઈકોર્ટના પૂર્વ જજ જસ્ટિસ યશવંત વર્મા વિરુદ્ધ કેશકાંડમાં મોટું પગલું ભરવામાં આવ્યું છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ જસ્ટિસ વર્મા વિરુદ્ધની ફરિયાદને ગંભીર માનીને આ મામલાની તપાસ માટે ૩ સભ્યોની કમિટી બનાવવાની જાહેરાત કરી છે.

સ્પીકર ઓમ બિરલાએ જણાવ્યું કે, 'ભારતના તત્કાલીન ચીફ જસ્ટિસના મતે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ જરૂરી છે. સાથે જ, ફરિયાદની પ્રકૃતિને જોતાં નિયમો અનુસાર પદ પરથી હટાવવાની પ્રક્રિયા પણ શરૂ કરવાની જરૂર છે. આ પ્રસ્તાવને યોગ્ય માનીને મેં તેને મંજૂરી આપી છે અને પદ પરથી હટાવવાની વિનંતી પર સમિતિ બનાવી છે.'

આ સમિતિમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ અરવિંદ કુમાર, મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસ મનિન્દર મોહન શ્રીવાસ્તવ અને કર્ણાટક ઉચ્ચ ન્યાયાલયના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ અને વરિષ્ઠ કાયદાશાસ્ત્રી બી. વી. આચાર્ય એમ ત્રણ વરિષ્ઠ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૧૪ માર્ચે દિલ્હીના લુટિયન્સ સ્થિત જસ્ટિસ વર્માના નિવાસસ્થાને રાત્રે લગભગ ૧૧૩૫ વાગ્યે આગ લાગી હતી. ફાયર ફાઈટરોએ ઘટનાસ્થળે પહોંચીને આગ બુઝાવી હતી. આ દરમિયાન આગ ઓલવવા ગયેલા ફાયર બ્રિગેડને ૫૦૦ રૂપિયાની બળી ગયેલી નોટોના બંડલ મળી આવ્યા હતા. આનો એક વીડિયો પણ વાઈરલ થયો હતો. આ પછી જસ્ટિસ વર્મા પર ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો હતો.

આ પછી મામલો વધુ વકર્યો હતો. આ પછી, ઘણા પગલાં લેવામાં આવ્યા હતા. આમાં દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ડીકે ઉપાધ્યાય દ્વારા પ્રાથમિક તપાસ અને દિલ્હી હાઈકોર્ટમાં જસ્ટિસ વર્મા પાસેથી ન્યાયિક કાર્ય છીનવી લેવા અને બાદમાં ન્યાયિક કાર્ય વિના તેમને અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા અને તેમની સામે આંતરિક તપાસ શરૂ કરી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સુપ્રીમ કોર્ટની આ તપાસ સમિતિએ જસ્ટિસ વર્મા સામેના આરોપોને સાચા ગણાવ્યા. આ દરમિયાન, તેમને ન્યાયાધીશ પદ પરથી દૂર કરવા માટે સંસદમાં મહાભિયોગની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. જોકે, જસ્ટિસ વર્માએ પોતાને નિર્દોષ ગણાવ્યા છે અને આ બધા આરોપોને કાવતરું ગણાવ્યું છે.

# સોના પર નહીં લાગે ટેરિફઃ ટ્રમ્પે કરી મોટી જાહેરાત

### ટ્રમ્પની જાહેરાત બાદ સોનાના ભાવમાં રૂા.૧૪૦૦નો ઘટાડો થયો



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

છેલ્લા કેટલાક દિવસોથી એવી અટકળો ચાલી રહી હતી કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સોના પર ભારે ટેરિફ લાદી શકે છે. એક ફેડરલ નિર્ણયથી સોનાના વાયદાના ભાવમાં પણ નોંધપાત્ર વધારો થયો હતો. ઉપરાંત, વિશ્વભરના બુલિયન બજારમાં અરાજકતા ફેલાઈ હતી. જોકે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું હતું કે યુએસમાં સોનાની આયાત પર ટેરિફ લાદવામાં આવશે નહીં. ટ્રમ્પની જાહેરાત બાદ સોનાના ભાવમાં રૂા.૧૪૦૦નો ઘટાડો થયો છે. જો કે હજુ સોનું ૧ લાખ ઉપર છે પણ તે લાઈફ ટાઈમ હાઈ લેવલથી નીચે આવ્યું છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા પુષ્ટિ આપી છે કે સોના પર કોઈ ટેરિફ લાદવામાં આવશે નહીં. છેલ્લા કેટલાક દિવસોથી એવી અફવા ફેલાઈ રહી હતી કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સોના પર પણ ભારે ટેરિફ લાદવાના છે. આ પછી, બુલિયન માર્કેટમાં અરાજકતાનું વાતાવરણ હતું.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે છેલ્લા કેટલાક દિવસોમાં ભારત સહિત વિશ્વભરના દેશો પર ભારે ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. ગયા અઠવાડિયે, વ્હાઈટ હાઉસના એક અધિકારીએ કહ્યું હતું કે ટ્રમ્પ વહીવટ ટૂંક સમયમાં એક નવી નીતિ લાવવા જઈ રહ્યું છે જે સ્પષ્ટ કરશે કે સોના પર આયાત ડ્યુટી લાદવામાં આવશે કે નહીં. આ પછી, બજારમાં અફવાઓનું બજાર પણ ગરમાયું અને બુલિયન બજાર અસ્થિર બનવા લાગ્યું.

બુલિયન બજારમાં હોબાળા વચ્ચે, સોનાના ભાવમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો. તે જ સમયે, ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન પછી, સોનાના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. શુક્રવારે, સોનાના ભાવ રેકોર્ડ ઊંચા સ્તરે પહોંચી ગયા હતા.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે માહિતી આપી હતી કે સોના પર કોઈ ટેરિફ (આયાત ડ્યુટી) નહીં લાગે. આ સાથે, તેમણે યુએસ કસ્ટમ્સ વિભાગના નિર્ણયને નકારી કાઢ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે સ્વિટ્ઝર્લેન્ડથી આવતા સોનાના બાર પર ડ્યુટી લાદવામાં આવશે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું - સોના પર ટેરિફ નહીં લગાવવામાં આવે! એટલે કે, સોના પર કોઈ ટેક્સ નહીં લાગે. તેમના નિવેદન પછી, સોનાના વાયદાના ભાવ ૨.૪૮% ઘટીને ૩,૪૦૪.૭૦ પ્રતિ ઔંસ પર બંધ થયા.

ગયા શુક્રવારે, સોનાના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચી ગયા, જ્યારે યુએસ કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શન એ ચુકાદો આપ્યો કે સ્વિટ્ઝર્લેન્ડથી આવતા ૧ કિલો અને ૧૦૦ ઔંસ વજનના સોનાના કાસ્ટ બાર પર ટ્રમ્પ દ્વારા નિર્ધારિત ૩૯% આયાત ડ્યુટી વસૂલવામાં આવશે.

આવા સોનાના બારનો ઉપયોગ મુખ્યત્વે કોમોડિટી એક્સચેન્જ પર સોના, ચાંદી અને અન્ય ધાતુઓના ફ્યુચર્સ કોન્ટ્રાક્ટને ટેકો આપવા માટે થાય છે.

સરકારે સોમવારે લોકસભામાં જણાવ્યું હતું કે માંગ, ગુણવત્તા અને કરાર વ્યવસ્થા સહિતના વિવિધ પરિબળો ભારતની નિકાસ પર યુએસ ટેરિફની અસર નક્કી કરશે. લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં, નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે સરકાર ખેડૂતો, ઉદ્યોગસાહસિકો, નિકાસકારો, ના કલ્યાણને રક્ષણ અને પ્રોત્સાહન આપવાને સર્વોચ્ચ મહત્વ આપે છે.

# પાકિસ્તાન આર્મી ચીફની મુકેશ અંબાણીને ધમકીઃ ઓપરેશન સિંદૂર જેવા યુદ્ધની સ્થિતિ હવે બનશે તો જામનગરની રિલાયન્સ રિફાઈનરીને ટાર્ગેટ કરીશું



**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીર ફરી એક વખત અમેરિકાની મુલાકાતે છે. તાજેતરના આક્રમક ભાષણમાં, મુનીરે ભારત પર પરમાણુ હુમલો કરવાની ધમકી આપી હતી. પાકિસ્તાની આર્મી ચીફે ભવિષ્યમાં ભારત સાથે કોઈ લશ્કરી સંઘર્ષ થાય તો, ગુજરાતના જામનગરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની રિફાઈનરીને નિશાન બનાવવાનો ઈરાદો દર્શાવ્યો હતો. જામનગર રિફાઈનરી વિશ્વનું સૌથી મોટું સિંગલ-સાઈટ રિફાઈનિંગ કોમ્પ્લેક્સ છે.

અમેરિકાના ફ્લોરિડાના ટામ્પામાં એક ઔપચારિક ડિનરમાં બોલતા, મુનીરે સોશિયલ મીડિયા પર એક પોસ્ટનો ઉલ્લેખ કર્યો. જેમાં કુરાનની એક આયાત સાથે ના અધ્યક્ષ મુકેશ અંબાણીની તસવીર હતી.મુનીરે કહ્યું કે તેમણે ભારત સાથેની તાજેતરની અથડામણ દરમિયાન તેને અધિકૃત કર્યું હતું જેથી તેઓને બતાવી શકાય કે અમે આગલી વખતે શું કરીશું. મીડિયા અહેવાલોમાં બંધ બારણે થયેલા કાર્યક્રમમાં હાજર રહેલા લોકોના હવાલાથી આ વાત કહેવામાં આવી હતી.

મુનીરે જે કુરાનની આયાતનો ઉલ્લેખ કર્યો, તે સૂરહ અલ-ફીલ(૧૦૫મો અધ્યાય)માંથી છે, જેમાં 'સાલ-એ-ફીલ' (૫૭૦ ઈસવી) ની ઘટનાનું વર્ણન છે.

આ આયાતમાં ઉલ્લેખવામાં આવ્યું છે કે યમનના શાસક અબરાહાએ હાથીઓની સેના સાથે કાબાને નષ્ટ કરવાની કોશિશ કરી હતી, પરંતુ અલ્લાહે પક્ષીઓનું ટોળું મોકલ્યું, જેમણે પત્થરોથી હાથીઓની તે સેનાને નષ્ટ કરી દીધી. મુનીરનું આ નિવેદન આધુનિક યુદ્ધમાં હવાઈ હુમલા તરફ સંકેત હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# અમેરિકામાં વિમાન લેન્ડીંગ દરમ્યાન અન્ય વિમાન સાથે ટકરાતા અફરાતફડી



**મુખ્ય સમાચાર, મોંટાના**

અહીંના કાલિસ્પેલ શહેરમાં એક દિલધડક વિમાન અકસ્માત સર્જાયો હતો. એક સિંગલ એન્જીન સોકાટા ટીબીએમ ૭૦૦ ટર્બોપ્રોપ વિમાન લેન્ડીંગ દરમિયાન અન્ય વિમાન સાથે ટકરાયું હતું.

ટકકર બાદ વિમાનમાં આગ લાગી ગઈ હતી. આ વિમાનમાં પાયલોટ સહિત ચાર યાત્રીઓ સવાર હતા. સદભાગ્યે ચારેયને બહાર કાઢી લેવામાં આવ્યા હતા. બે યાત્રીઓને ઈજા થઈ હતી.

અન્ય વિમાન સાથે ટકકર બાદ વિમાનમાં આગ લાગી હતી. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ લેન્ડીંગ વખતે દક્ષિણ દિશાથી આવી રહ્યું હતું ત્યારે રનવેના છેલ્લા છેડે ઉભેલ વિમાન સાથે ટકરાયું હતુ અને ટકકર બાદ તેમાં આગ લાગી હતી. સદભાગ્યે જાનહાની નહોતી થઈ, બે યાત્રી ઘાયલ થયા હતા.

# અમેરિકાએ વિઝા બાબતે નવો નિર્ણય કર્યોઃ હવે રૂબરૂ હાજર થવાનું રહેશે




**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાની સૌથી લોકપ્રિય વિઝા સુવિધાઓમાંની એકનો સમય પુરો થવા આવ્યો છે. યુનાઈટેડ સ્ટેટ્સ ૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી મોટાભાગના નોન-ઈમિગ્રન્ટ વિઝા માટે ડ્રોપબોક્સ સુવિધા તરીકે જાણીતા ઈન્ટરવ્યૂ વેઈવર પ્રોગ્રામને સત્તાવાર રીતે સમાપ્ત કરશે, જેમાં વર્ક અને સ્ટુડન્ટ વિઝા શ્રેણીઓનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમ હાલમાં વિઝા રિન્યુ કરતા કેટલાક લાયક અરજદારોને રૂબરૂ ઈન્ટરવ્યૂ માટે હાજર થયા વિના નિયુક્ત સ્થાન પર દસ્તાવેજો સબમિટ કરવાની મંજૂરી આપે છે, તેઓ સ્પષ્ટ વિઝા ઈતિહાસ અથવા ચોક્કસ વય વર્ગના હોય તેવી ચોક્કસ શરતો પૂરી કરે છે.

ભારત જેવા ઉચ્ચ માંગવાળા દેશોમાં પ્રવાસીઓ માટે આ એક મોટી રાહત રહી છે, જેનાથી તેમને ઈન્ટરવ્યૂ એપોઈન્ટમેન્ટ માટે લાંબી રાહ જોવાનું ટાળવામાં મદદ મળી છે.

નવી નીતિ હેઠળ, લગભગ તમામ અરજદારોએ હવે યુએસ કોન્સ્યુલર અધિકારી સમક્ષ રૂબરૂ હાજર થવું પડશે, જેનાથી આ મુક્તિઓનો અંત આવશે.

૨૫ જુલાઈના રોજ જાહેર કરાયેલ આ ફેરફાર, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વ્યાપક ઈમિગ્રેશન સુધારા ''વન બિગ બ્યુટીફુલ બિલ એક્ટ'' ના ભાગ રૂપે ૪ જુલાઈના રોજ હસ્તાક્ષરિત થયો હતો.

કહે યુએસ અધિકારીઓ છે કે કડક પ્રક્રિયાનો હેતુ ''સુરક્ષા વધારવા'' અને ચકાસણીને મજબૂત બનાવવાનો છે. જોકે, ઈમિગ્રેશન હિમાયતીઓ ચેતવણી આપે છે કે તે મોટા વિલંબનું કારણ બની શકે છે, ખાસ કરીને ભારત જેવા દેશોમાં, જે મોટી સંખ્યામા H-1B કામદારોને યુએસ મોકલે છે. નવા નિયમમાં લગભગ તમામ નોન-ઈમિગ્રન્ટ વિઝા શ્રેણીઓનો સમાવેશ થાય છે.

જેમાં H-1B અને H-4 વર્ક વિઝા, L1 ઈન્ટ્રાકંપની ટ્રાન્સફર વિઝા, F અને M સ્ટુડન્ટ વિઝા, અસાધારણ ક્ષમતા ધરાવતા વ્યક્તિઓ માટે O1 વિઝા અને J એક્સચેન્જ વિઝિટર વિઝાનો સમાવેશ થાય છે.

તે હવે ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને ૭૯ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોને પણ લાગુ પડશે, જેમને અગાઉ રૂબરૂ મુલાકાતમાંથી મુક્તિ આપવામાં આવી હતી. ઘણા B-1/B-2 પ્રવાસી અને વ્યવસાયિક વિઝા નવીકરણને પણ અસર થશે, જોકે કેટલાક મર્યાદિત અપવાદો રહેશે.

# જામનગરમાં અલગ અલગ ૨૦ દરોડામાં ૧૮ મહિલા સહિત ૧૦૬ પત્તાપ્રેમીઓ પોલીસની ઝપટમાં આવ્યા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર, જીલ્લામાં શ્રાવણીયા જુગારની જમાવટ જોવા મળી રહી છે, અલગ અલગ ૨૦ દરોડામાં ૧૮ મહિલા સહિત ૧૦૬ પત્તાપ્રેમીઓ પોલીસની ઝપટમાં આવ્યા હતા, જામનગરના સેતાવાડ, સિક્કા, નિલકંઠનગર, તંબોલી આવાસ, વાસજાળીયા, ધુળસીયા, ગજણા, કાલાવડ, મોટી ખાવડી, ધ્રાફા, ધ્રોલ, હજામચોરા, માછરડા સોસાયટી, મોટાવડાળા, કડબાલ, શેઠવડાળા, લલોઇ, કાશ્મીરપરા, ખેતીવાડી સામે વિસ્તારોમાં પોલીસ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા, રોકડ, વાહન, મોબાઇલ અને જુગારના સાહિત્ય સહિત લાખોનો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.જામનગર શહેરના સેતાવાડ, ધ્રુવફળી શેરી નં. ૨માં તિનપતીનો જુગાર રમતા, ધ્રુવફળીના ભરત ગોવિંદ દાવડા, પતંગીયા ફળીના બિપીન ઉર્ફે દિપક રામદાસ પાલેજા, મધુરમ એપાર્ટમેન્ટમાં રહેતા અલ્પેશ મગનલાલ પરમાર, દાજીબાપુની શેરીમાં રહેતા ઇલીયાસ કુતુબુદીન ભારમલ, ભગવાનદાસબાપુની શેરીમાં રહેતા ભનુ બાબુલાલ દાવડા, આંબલી શેરીમાં રહેતા ચંદ્રેશ શાંતીલાલ બોરસરા ગોલરાણા, લાલવાડી આવાસના વિશાલ કાંતીલાલ રાઠોડ, ખારવા ચકલાના મહેશ જગદીશ બોરસરા ગોલારાણાને રોકડા ૧.૦૩.૫૦૦, ગંજીપતા, ૮ મોબાઇલ, ૪ બાઇક મળી ૩.૦૩.૫૦૦ના મુદામાલ સાથે એલસીબીએ દબોચી લીધા હતા.

સિક્કાના માતીનગર રેલ્વે પાટા પાસે જાહેરમાં તિનપતીનો જુગાર રમતા કમલેશ રમેશ બુજડ, કેતન સુરેશ ઝાલા, ચમન દેવજી સોલંકી, અર્જુન દેવજી પડાયા, ગૌતમ પીઠા ચાવડાને રોકડા ૧૧૦૪૦ સાથે પકડી લીધા હતા.જામનગરના નિલંકઠનગર શેરી નં. ૨માં તિનપતીનો જુગાર રમતા મહાવીરનગરના જયરાજસિંહ નાનભાઇ જાડેજા, નિલકંઠનગરના વિવેક નવિનચંદ્ર મહેતા, ભાગ્યેશ કિશોર મહેતા, ધારાબેન પવન મહેતા, સોનલબા નાનભા જાડેજા, સાધનાબા દિલીપસિંહ રાઠોડ, ક્રિષ્નાબા નરેન્દ્રસિંહ જાડેજાને રોકડા ૩૫૧૦ સાથે અટકાયત કરાઇ હતી.

જામનગરના ખેતીવાડી સામે ન્યુ ઇન્દીરા કોલોની વિસ્તારમાં તિનપતીનો જુગાર રમતા અહી રહેતા નરેશ બાના મકવાણા અને વિજય ખેતશી ઢચાને રોકડા ૪૬૦૦ સાથે પકડી લીધા હતા જયારે નરેશ સામત રોશીયા નાશી ગયો હતો.

લાલપુરના ગજણા રાવલપાળામાં જુગાર રમતા ગજણાના શૈલેષ પોપટ ડાંગર, પ્રેમજી જેરામ ડાંગર, મનજી બચુ પરમાર, પ્રેમજી જેન્તી પરમાર, ઇશ્વરીયાના નરેન્દ્ર રાજેશ પરમારને રોકડા ૫૭૮૦ સાથે દબોચી લીધા હતા. કાલાવડ રણુજા રોડ પર જીઆઇડીસી ગેઇટ પાસે જુગાર રમતા કાલાવડના અશરફ નુરમામદ સામા, કુંભનાથપરાના લીંબા લાખા બોરસીયા, કલ્પેશ સંગ્રામ ઝાપડા, ચેતન ભીખુ સોલંકી, દેવજી ડાયા માટીયા, અરજણ ગોગન મેવાડાને રોકડા ૧૨૭૦૦ સાથે પકડી લીધા હતા.અન્ય દરોડામાં જામનગરના હેડકવાર્ટર પાછળ તંબોલી આવાસ બી વીંગ પાસે તિનપતીનો જુગાર રમતા આવાસની બાજુમાં રહેતા નરેન્દ્રસિંહ જશુભા જાડેજા, કુલદિપસિંહ હરૂભા ઝાલા, શકિતનગરના નિરૂભા પ્રવિણસિંહ જેઠવા, આવાસમાં રહેતા જયોતસનાબેન પ્રવિણ કનખરા, મયુરનગરના મીનાબેન વલીદાસ સોલંકી, ફાલ્ગુનીબેન વિક્રમ પરેશાની રોકડ ૧૦૨૦૦ સાથે અટકાયત કરી હતી.વાસજાળીયામાં તિનપતીનો જુગાર રમતા ભરત કારા મોરી, મુકેશ જેન્તી મકવાણા, નવાપરાના કિશોર લખમણ સોલંકી, વાસજાળીયાના ઉમેશ નથુ વરૂ =, અજય નટવર સવસાણી, ચિરાગ નાગા કરમુરને રોકડા ૧૪૨૬૦ સાથે દબોચી લીધા હતા, જયારે ધુળશીયા વોડીસંગ ડેમ પાસે તિનપતીની મોજ માણતા ધુળશ-ીયાના હસમુખ લાલજી બુસા, સોમનાથ સોસાયટીના પ્રશાંત જેન્તી ભંડેરી, ધુળશીયાના લલીત વલ્લભા વાગડીયા, ઉપેન્દ્ર લાલજી બુસા, વિજય ગીરધર વાગડીયા, જયેશ ભીખુ બુસા, કિશોર રામજી ભંડેરીને રોકડા ૩૩૩૫૦, ગંજીપતા અને ૭ મોબાઇલ મળી કુલ ૫૬૩૫૦ના મુદામાલ સાથે પકડી લીધા હતા.આ ઉપરાંત મોટી ખાવડીમાં જુગાર રમતા હવેલી વિસ્તારના જશુભા ભગવાનજી ચુડાસમા, બેડના હરવિજયસિંહ ઉર્ફે વિજયસિંહ જગદીશસિંહ જાડેજા, શાપરના જુસબ ખમીશા સોઢાને રોકડા ૧૭૧૪૦ તથા મોબાઇલ અને આઇ-૨૦ કાર નં.જીજે૩૬એફ-૫૯૦૦ મળી કુલ ૨.૨૪.૬૪૦ના મુદામાલ સાથે મેઘપર પોલીસે પકડી લીધા હતા, દરોડા વખતે શાપરનો અશ્વીન ઉર્ફે કારીયો લલીત હિંસુ નાશી ગયો હતો. જયારે ધ્રાફા બંધીયા સીમમાં તિનપતીનો જુગાર રમતા પાનેલીના રીઝવાન ઉર્ફે મુન્નો દાઉદ ઓડીયા, શાંતી ભીમજી પાંચાણી અને નયન સોમા મકવાણાને રોકડ ૧૫૪૦૦ અને બે બાઇક સાથે પકડી લીધા હતા. એક શખ્સ નાશી છુટયો હતો.ધ્રોલના ગાયત્રીનગરમાં ગંજીપતા વડે જુગાર રમતા ચામુંડા પ્લોટના સુગરસીંગ લખનસીંગ કુશવાહ, ત્રીકમવાસના કિશન વિરજી વાણીયા, ખારવાના વિક્રમ હીરા ચાવડા, ગાયત્રીનગરના કરશન મનસુખ રાઠોડ, સંજય ભુપત રાઠોડને રોકડા ૧૨૮૦૦ સાથે દબોચી લીધા હતા, હજામચોરા ગામમાં પાના ટીંચતા મુન્નાલાલ ભીખા ભીમાણી, ધીરજલાલ ઉર્ફે ધીરૂ છગન ભીમાણી, લાલજી ભવાન ભીમાણી, ગુલાબસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજા, કરશન ઉર્ફે કસુ જબરભા ભાનગઢવીને રોકડા ૧૮૦૩૦ અને લાઇટ સાથે પકડી લીધા હતા.આ ઉપરાંત કાલાવડના માછરડા સોસાયટીમાં તિનપતીનો જુગાર રમતા મહેશ મનજી રાઠોડ, વિપુલ તુલશી સોંદરવા, દુદા કુંભા સોંદરવાને રોકડા ૧૩૨૦૦ સાથે દબોચી લીધા હતા, જયારે વડાળા બસ સ્ટેન્ડ પાસે તિનપતીનો જુગાર રમતા મોટાવડાળાના સાહીલ ગફાર મુલતાની, સાહબુદીન કાસમ મુલતાની, શાહખ અશરફ પોપટપોત્રા, આરીફ ઉર્ફે તીડી અકબર કાજીને રોકડા ૩૭૩૦ સાથે પકડી લીધા હતા જયારે અજરૂદીન બાઉદીન મુલતાની, મકદુમ રહીમ મુલતાની અને આદીલ ઇસ્માઇલ ફકીર નાશી ગયા હતા.આ ઉપરાંત કડબાલ ગામમાં તિનપતીનો જુગાર રમતા અનિલ કાના રાઠોડ, જીતુ બધા રાઠોડ, રમેશ જેઠા વિંજુડા, રમેશ પબા રાઠોડ, રમેશ વાલજી રાઠોડ અને દિનેશ લાખા વિંજુડાને રોકડા ૫૨૦૦ સાથે ઝડપી લીધા હતા. તેમજ શેઠવડાળામાં યોગેશકુમારના ભોગવટાના મકાને બાતમી આધારે સ્થાનીક પોલીસે દરોડો પાડી નાલ ઉઘરાવીને જુગારનો અખાડો ચાલતો હોય દરોડા દરમ્યાન તિનપતીનો જુગાર રમતા શેઠવડાળાના દુકાનદાર યોગેશકુમાર નંદલાલ રાચ્છ, કાસમ અબ્દુલ ચૌહાણ, મનિષ નારણ ધ્રાંગીયા, શરીફાબેન ઇકબાલ ઉઢેજા, જીન્નતબેન રફીક ઉઢેજા, જેબુનબેન ઇસ્માઇલ રાવકરડા, સીમરનબેન હશન ઘોઘા અને કપીલાબેન પ્રવિણ અમૃતીયાની અટકાયત કરી રોકડા ૮૨૫૦, ૬ મોબાઇલ મળી ૩૮૨૫૦નો મુદામાલ જમ કર્યો હતો.અન્ય દરોડામાં જામજોધપુરના બગધરા ગામે તિનપતીનો જુગાર રમતા બગધરાના વિકી પ્રવિણ ડાંગર, જગદીશગીરી ભાવગીરી ગોસ્વામી, હાર્દિક પ્રવિણ ડાંગર, જુનાગઢ જોશીપરાના ઇલાબેન પરસોતમ ધોકીયા, બગધરાના જાગૃતીબેન મુકેશ વારા, ક્રિષ્નાબેન રાજેશ બાબરીયા અને રેવતીબેન વજુ બાબરીયાની રોકડ ૨૫૩૦ સાથે અટકાયત કરી હતી.

લલોઇ સીમ વિસ્તારમાં તિનપતીનો જુગાર રમતા શેઠવડાળાના હરદાસ બોદા હાડગરડા, ભરત વલ્લભ લાલકીયા, લાખા લખમણ ડાંગર, લલોઇના સંજય ભરત ગોધમ અને વડપાંસરાના વનરાજસિંહ બાબભા જાડેજાને રોકડ ૨૬૭૫૦ સાથે પકડી લીધા હતા, જયારે કાલાવડના કાશ્મીરપરા વિસ્તારમાં તિનપતીનો જુગાર રમતા કાશ્મીરપરાના સદામ સલીમ ચાંચીયા-મેમણ, કિશન મગન રાઠોડ, દિપક દેવરાજ રાઠોડ, જયોતીબેન ગોવિંદ પરમાર અને મુમતાજબેન સલીમ ચાંચીયાની અટકાયત કરી રોકડા ૨૪૬૦ કબ્જે કર્યા હતા.

# શહેરમાં બે પરિણીતાને ત્રાસ આપતા સાસરીયા સામે ફરિયાદ

પરિણીતાના પિતાને સસરાએ ફોન કરી કહ્યું કે હવે હું તમારી દીકરીને શાંતિથી નહી રહેવા દઉઃ પતિ જુગાર રમતા અને દારૂ પી આવીને પરિણીતા સાથે ઝઘડો કરતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વધુ બે પરિણીતાને ત્રાસ આપતા સાસરીયા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે. ત્યારે જુના જકાતનાકા પાસે આવેલ અભીરામ પાર્કમાં માવતરે રહેતી નીધીબેન ભુવાએ મહિલા પોલીસમાં પતિ રાજદિપ, સસરા નીતીન, સાસુ અલ્કાબેન, જેઠ અંકિત, જેઠાણી મોનીકા, ભાભુજી સાસુ નૈયનાબેન, પિતરાઈ જેઠ રૂપેશ સહિતના સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૩માં રાજદીપ સાથે લગ્ન થયા હતા.લગ્ન બાદ સંયુકત કુટુંબમાં રહેતી હતી થોડા સમય બાદ સાસુ અને જેઠાણી નજીવી બાબતે ઝઘડાઓ કરી ત્રાસ આપવાનું શરૂ કર્યુ હતું.તેમજ રવિવારે પતિ સાથે બહાર જાવતો પણ સસરા કહેતા કે મારા દીકરાને રવિવારે બહાર નહી લઈ જવાનો તેને આરામ કરવાનો હોય જેઠ પણ નજીવી બાબતે ઝઘડો કરતા હતા.પતિ સતત ફોનમાં રહેતા હોવાથી એકવાર તેનો ફોન તપાસતા તે અન્ય સ્ત્રી સાથે વાતચીત કરતા હોય જેથી દંપતિ વચ્ચે ઝઘડો કરતા હતા.પતિ કામકાજ અર્થે અમદાવાદ જતા રહ્યા ત્યાં પણ અન્ય સ્ત્રી સાથે વાત કરતા હતા. હું અમદાવાદ રહેવા જઈ રહી હોય છતાં રાજકોટના લક્ષ્મીવાડીના ઘરનું લાઈટબીલ વધારે આવતા સસરાએ મારા પિતાને ફોન કરી કહ્યું કે તમારી દિકરીના લીધે અમારે બીલ વધારે આવે છે. તો તમે આ બીલ ભરી દેજો. અને વારંમવાર પૈસાની માંગણી કરતા હોવાથી પિતાએ ઈન્કાર કરતા સસરાએ કહ્યું કે હવે હું તમારી દીકરીને શાંતિથી નહી રહેવા દવ બધુ પુરૂ કરીને જ રહીશ જેથી ઉપરોકત સાસરીયાના ત્રાસથી કંટાળી માવતરે આવી ગયેલ હોવાનું જણાવતા પોલીસે ગુનો તપાસ હાથ ધરી છે.

તેમજ રૈયારોડ પરના નુરાનીપરામાં રહેતી તસ્લિમબેન મેમણે મહિલા પોલીસમાં પતિ વસીમ નુરમહમદભાઈ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતુ કે વર્ષ ૨૦૨૧માં મોરબી રહેતા વસીમ સાથે લગ્ન થયા હતા.લગ્ન બાદ સંયુક્ત કુટુંબમાં રહેતી હતી.પતિ બે અલગ જગ્યાએ નોકરી કરવા છતા ઘરખર્ચ આપતા ન હોય જેથી અમો વચ્ચે અવાર નવાર ઝઘડા થતા હતા.તેમજ પતિને જુગાર રમવાની અને દારૂ પીવાની કુટેવ છે. પતિ અવાર નવાર માવતરેથી પૈસા લાવવા કહી ત્રાસ આપતો હતો.તેણી જયારે પ્રેગ્નેટ હતી ત્યારે પણ હોસ્પિટલ આવતા નહીં અને ખર્ચ આપતા ન હતા.તેમજ બાળક બિમાર થાઈ છતાં કોઈ જવાબદારી ન લેતા અને ઝઘડો કરી મને ઘરમાંથી કાઢી મુકેલ બાદ આજદિન સુધી પરત લેવા ન આવ્યા હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# જામનગરની જી.જી. હોસ્પિટલમાં પાર્કિંગમાં સિક્યુરિટી ગાર્ડની ગેરહાજરીઃ એમ્બ્યુલન્સ ફસાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની જી.જી.હોસ્પિટલમાં સુરક્ષા અને વ્યવસ્થાપનના નામે.મીંડું હોય તેવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થયું છે. હોસ્પિટલ તંત્ર દ્વારા નિયુક્ત કરાયેલા સિક્યુરિટી ગાર્ડની ફરજ પર ઘોર બેદરકારી અને ગેરહાજરીના કારણે દર્દીઓ અને તેમના સગાઓ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. કરીને, હોસ્પિટલના મુખ્ય પાર્કિંગ વિસ્તારમાં એક પણ સિક્યુરિટી ગાર્ડ હાજર ન રહેતા હોવાથી ટ્રાફિકની સમસ્યા એટલી વકરી છેકે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા દર્દીને લઈને આવતી એમ્બ્યુલન્સ પણ ટ્રાફિકજામમાં ફસાઈ જાય છે, જે સીધા દર્દીના જીવ માટે જોખમ ઊભું કરે છે.જી.જી. હોસ્પિટલના પ્રાંગણમાં.દરરોજ હજારોની સંખ્યામાં દર્દીઓ, તેમના સંબંધીઓ અને વાહનોની અવરજવર



રહે છે. પરંતુ પાર્કિંગ વિસ્તારમાં ટ્રાફિક નિયમન માટે જવાબદાર સિક્યુરિટી ગાર્ડ મોટાભાગે પોતાની ફરજના સ્થળેથી ગાયબ રહે છે, જેના કારણે અહીં અંધાધૂંધીનો છે. વાહનચાલકો આડેધડપોતાના વાહનો પાર્ક કરી દેતા હોવાથી એમ્બ્યુલન્સ જેવી ઈમરજન્સી સેવાઓ માટેનો માર્ગ પણ અવરોધાઈ જાય છે. પરિણામે, ગંભીર હાલતમાં રહેલા દર્દીને તાત્કાલિક સારવાર માટે ઈમરજન્સી વોર્ડ સુધી પહોંચાડવામાં કિંમતી સમય વેડફાય છે. સાયરનો વગાડતી એમ્બ્યુલન્સ જ્યારે વાહનોના ખડકલા વચ્ચે.લાચાર બનીને ઉભી રહે છે, ત્યારે દર્દીના સગાઓના જીવ અધ્ધર થઈ જાય છે. આ દ્રશ્યો અહીં રોજિંદા બની ગયા હોવા છતાં, હોસ્પિટલ પ્રશાસન કે સંબંધિત સિક્યુરિટી એજન્સીના પેટનું પાણી પણ હલતું નથી. ગુટલીબાજ સિક્યુરિટી સ્ટાફના કારણે સર્જાતી આ સમસ્યા હવે દર્દીઓની સુરક્ષા માટે એક મોટો ખતરો બની ગઈ છે, અને લોકોમાં તંત્રની આ ઘોર નિષ્ક્રિયતા પ્રત્યે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકો માંગ કરી રહ્યા છે કે હોસ્પિટલ તંત્ર આળસુ અને બેજવાબદાર સ્ટાફ સામે કડક પગલાં લે અને ઈમરજન્સી વાહનો માટેનો રસ્તો ૨૪ કલાક ખુલ્લો રહે તેવી કાયમી વ્યવસ્થા ગોઠવે.

# ઉનાના નવાબંદર ગામે માછીમાર પરિવારોએ દરિયા પૂજન કરી સીઝનની શરૂઆત કરી



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના નવાબંદર ગામે દર વર્ષની જેમ રક્ષાબંધન આવે છે ત્યારે માછીમાર પરિવારો દરિયા પૂજન કરે છે અને પોતાની સિઝનની શરૂઆત કરે છે જ્યારે આ દરિયા પૂજનમાં સમાજના મોટા અગ્રણીઓ હાજર રહે છે જેમ દરિયા પૂજન થાય છે ત્યારે જ રક્ષાબંધનનો તહેવાર પણ ઉજવવામાં આવે છે દરિયા પૂજન કરી ઈશ્વરને પ્રાર્થના કરે છે અને પોતાનું શીશ નમાવી નારીયલ ફૂલ ચડાવી અને દરિયા કિનારે પોતાના ધાર્મિક સ્થળ પર શ્રદ્ધા અર્પણ કરે છે જેમાં બોટ એસોસિયેશન સંગઠન હાજર રહે છે જેમાં નવાબંદર ગામના સરપંચના પ્રતિનિધિ સોમવાર ભાઈ મજેઠીયા તેમજ કોળી સમાજ નાં પ્રમુખ જીગ્રેશ ભાઈ પટેલ ખારવા સમાજનાં પટેલ નરેશભાઈ બારીયા વણાકબારીયા સમાજ નાં પટેલ હરેશભાઈ વાજા ઉપ સરપંચ હરકિસન સોલંકી નવાબંદર જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ હરીભાઈ સોલંકી, વિજયભાઈ સોલંકી સહિતના બોટ એસોસનના સભ્ય મોટી સંખ્યામાં હાજર રહી અને આ દરિયા પૂજન કરે છે.

# જામનગર જિલ્લામાં પોલીસ સરપંચ પરિસંવાદ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં પોલીસ-સરપંચ વચ્ચે સંવાદસેતુ.જામનગર જિલ્લાના તાલુકા મથકોએ સ્થાનિક પોલીસ સ્ટેશનો દ્વારા તેમના કાર્યક્ષેત્રમાં આવતા ગામોના સરપંચો સાથે સીધા સંવાદનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામ્ય સ્તરે પોલીસ અને જન-પ્રતિનિધિઓ વચ્ચે સુમેળ અને સહયોગ વધારવાનો છે.કલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન ખાતે એક વિશાળ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કલાવડની આસપાસના અંદાજે ૨૫૦થી વધુ ગામોના સરપંચોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.બેઠકમાં પોલીસ અધિકારીઓએ સરપંચો સાથે ગુનાખોરી ઘટાડવા માટેના વિવિધ ઉપાયો પર વિસ્તૃત ચર્ચા કરી હતી. ટ્રાફિક નિયમન, ચોરીની ઘટનાઓ અટકાવવા, તેમજ દારૂ અને જુગાર જેવા સામાજિક દુષણોને નાથવા માટે સરપંચો કઈ રીતે પોલીસને મદદરૂપ થઈ શકે તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આવી જ રીતે, ધ્રોલ પોલીસ સ્ટેશન ખાતે પણ 'પોલીસ સરપંચ પરિસંવાદ' કાર્યક્રમ યોજાયો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર એચ.વી. રાઠોડના અધ્યક્ષ સ્થાને આયોજિત આ કાર્યક્રમમાં ધ્રોલ તાલુકાની ૪૦ ગ્રામ પંચાયતોના સરપંચો જોડાયા હતા.પીઆઈ રાઠોડે જણાવ્યું



હતું કે, પોલીસ અને સરપંચ વચ્ચે સુમેળ અને સહયોગ ખૂબ જ જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતભરના તમામ પોલીસ સ્ટેશનોમાં ત્યાંના ઈન્ચાર્જ અધિકારીઓ તેમના કાર્યક્ષેત્ર હેઠળ આવતા દરેક ગામના સરપંચ સાથે સીધો સંવાદ સ્થાપિત કરી રહ્યા છે.આ પહેલથી ગામડાઓમાં બનતી નાની મોટી ઘટનાઓની સમયસર પોલીસને જાણ થશે. ગુના બનતા પહેલા જ તેને અટકાવી શકાશે. આ પ્રકારના આયોજનથી પોલીસ અને પ્રજા વચ્ચેનું અંતર ઘટશે. એકબીજા પર વિશ્વાસનું વાતાવરણ રચાશે, જે એક સુરક્ષિત સમાજના નિર્માણ માટે અત્યંત આવશ્યક છે.

''હર ઘર તિરંગા અંતર્ગત ઉનામાં તિરંગા યાત્રા યોજાઈ''

# ''ભારત માતાના જયઘોષથી ઉના શહેરના મુખ્ય માર્ગો ગુંજી ઉઠ્યા''

ધારાસભ્ય તથા વહીવટ તંત્રનું સુંદર આયોજન

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

''૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની'' ઉજવણીના ભાગરૂપે આજરોજ સોમવારે ૧૧ઓગસ્ટ ના રોજ ઉના શહેરમાં વિશાળ તિરંગા યાત્રા યોજાઈ હતી. વહીવટ તંત્ર તથા ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ (કે.સી.રાઠોડ) અને ઉના નગરપાલિકાનાસંયુક્ત આયોજન થી યોજાયેલ આ તિરંગા યાત્રા નો શુભારંભ ઉના શહેરના ત્રિકોણ બાગ ચોક ખાતે આવેલ બંધારણના ઘડવૈયાશ્રી બાબા સાહેબ આંબેડકરજી



ની પ્રતિમાને ફુલહાર અને શ્રધ્ધાસુમન સાથે થયેલ હતો. ઉનાની દરેક સ્કુલના વિદ્યાર્થી ભાઈ - બહેનો, નગરજનો તથા પદાધિકારીઓ, અધિકારીઓની વિશાળ હાજરી સાથે યોજાયેલ તિરંગા યાત્રા ઉના ટાવર ચોક થી મેઈન બજાર, લુહાર ચોક, વડલા ચોક થઈને બસ સ્ટેશન થી ત્રિકોણ બાગ ચોક ખાતે પૂર્ણ થયેલ હતી. આ તિરંગા યાત્રામાં ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોન્ધરા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, ઉના તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણા, ડેપ્યુટી કલેકટર પરમાર, ઉના મામલતદાર ડી.કે.ભીમાણી, ચીફ ઓફિસર જે.જે.ચૌહાણ, નવાબંદર ઈન્ચાર્જ પી.આઈ. વી.કે.ઝાલા, તાલુકા વિકાસ અધિકારી કે.પી.ચાવડા, ઉના તાલુકા ભાજપ પ્રમુખ હિરેનભાઈ બાંભણીયા, શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ કારીયા, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત, નગરપાલિકાના સદસ્યઓ, સરપંચઓ, સંગઠનના હોદેદારો અને ભારતીય જનતા પાર્ટીના સૌ કાર્યકર્તાઓ તેમજ અધિકારીગણ અને વિદ્યાર્થીગણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જિલ્લા વહીવટી તંત્ર અને મનપાના સંયુક્ત ઉપક્રમે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

તિરંગા યાત્રામાં પોલીસ અશ્વ દળ, પોલીસ બેન્ડ, આર્મી, એરફોર્સ, નેવી ના પ્લાટુન તથા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, સમગ્ર દેશમાં ૭૯મા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણીના ભાગરૂપે હર ઘર તિરંગા અભિયાન ચાલી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત, જામનગર જિલ્લા વહીવટી તંત્ર અને મહાનગરપાલિકા દ્વારા સંયુક્તપણે એક વિશાળ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પાંચ હજારથી વધુ જામનગરવાસીઓ ઉમંગભેર જોડાયા હતા. આ વર્ષની થીમ હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા સ્વતંત્રતા કા ઉત્સવ, સ્વચ્છતા કે સંગ હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં દેશભક્તિ અને સ્વચ્છતાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. યાત્રાનો પ્રારંભ રણમલ તળાવના ગેટ નં. ૧ થી થયો હતો, જેમાં પોલીસ અશ્વદળ, પોલીસ બેન્ડ, આર્મી, એરફોર્સ, અને નેવીના જવાનો સાથે શિક્ષણ વિભાગના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ જોડાયા હતા.આ યાત્રા રણમલ તળાવથી શ્યામજી કૃષ્ણ વર્મા સ્ટેચ્યુ અને મયુર મેડિકલ થઈને રણજીતનગર ખાતેની સરદાર પટેલની પ્રતિમા પાસે સમાપ્ત થઈ હતી. અહીં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર અર્પણ કરવામાં આવ્યા અને સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ હેઠળ સાફ-સફાઈ કરવામાં આવી. તિરંગા યાત્રામાં પોલીસ અશ્વ દળ, પોલીસ બેન્ડ, આર્મી, એરફોર્સ, નેવી, શિક્ષણ વિભાગના પ્લાટુન જોડાયા હતા.જ્યારે યાત્રાની સાથે સાથે યોજવામાં આવેલ મણિયારો રાસ તથા પ્રાચીન અર્વાચીન ગરબા સહિતની સાંસ્કૃતિક કૃતિઓ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.આ ભવ્ય તિરંગા યાત્રામાં, ધારાસભ્ય રિવાબા જાડેજા, જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, નાયબ મ્યુનીસીપલ કમિશ્નર ઝાલા, કોર્પોરેટરઓ, પ્રાંત અધિકારીઓ સહિત બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉપલેટામાં ધારાસભ્ય ડૉ. મહેન્દ્રભાઈ પાડલીયાની ઉપસ્થિતિમાં હર ઘર તિરંગા હર ઘર સ્વચ્છતા યાત્રા યોજાઈ

હાથમાં તિરંગો લઈને નીકળેલા છાત્રોએ દેશભક્તિનો માહોલ સર્જી દીધોઃ રેલી સાથે અપાયો સ્વચ્છતાનો સંદેશ

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

રાજ્યભરમાં હર ઘર તિરંગા અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત ઉપલેટામાં નગરપાલિકા દ્વારા હર ઘર તિરંગાઃ હર ઘર સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય ડૉ. મહેન્દ્રભાઈ પાડલીયાની ઉપસ્થિતિમાં યોજાયેલી આ યાત્રામાં, પાલિકાનો સ્ટાફ,



પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

હાથમાં નાના તિરંગા લઈને રેલી સ્વરૂપે નીકળેલા છાત્રોએ દેશભક્તિનો માહોલ સર્જી દીધો હતો. આ રેલી સાથે હર ઘર સ્વચ્છતાનો સંદેશો પણ આપવામાં આવ્યો હતો.

# જિયો ફાઈનાન્સ એપ પર નવા ફીચર સાથે હવે ટેક્સ ફાઈલિંગ અને પ્લાનિંગ સરળ બન્યું

મુંબઈ, ૧૨ ઑગસ્ટ ભારતમાં કરદાતાઓ માટે અભૂતપૂર્વ સુવિધા લાવવા માટે જિયોફાઇનાન્સ એપ પર ફીચર-પેક્ડ ટેક્સ પ્લાનિંગ અને ફાઈલિંગ મોડ્યુલ રજૂ કરવામાં આવ્યાં છે. ભારતના લોકો માટે ટેક્સ પ્લાનિંગ અને ઇન્કમ ટેક્સ રિટર્ન (આઇટીઆર) ફાઇલિંગને વધુ સરળ, સ્માર્ટ અને સસ્તું બનાવવાના હેતુથી આ નવું ફીચર ટેક્સબડી સાથે ભાગીદારીમાં વિકસાવવામાં આવ્યું છે, તે એક ઓનલાઈન ટેક્સ ફાઈલિંગ અને સલાહ આપતી સેવા છે જે કરદાતાઓને બિલ્ટ-ઇન કમ્પ્લાયન્સ અને નિષ્ણાત સહાય સાથે માર્ગદર્શન સાથે ડિજિટલ-ફર્સ્ટ અનુભવ પૂરો પાડે છે.

# સેવિંગ્સ એકાઉન્ટ માટે મિનિમમ બેલેન્સ નક્કી કરવા માટે બેંકો સ્વતંત્રઃ આરબીઆઈ ગવર્નર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર સંજય મલ્હોત્રાએ સોમવારે જણાવ્યું હતું કે, બેંકો બચત ખાતાઓ માટે લઘુત્તમ બેલેન્સ નક્કી કરવા માટે સ્વતંત્ર છે અને તે RBI ના નિયમનકારી ક્ષેત્ર હેઠળ આવતું નથી.

તેઓ ગુજરાતના મહેસાણા જિલ્લાના ગોઝારિયા ગ્રામ પંચાયત ખાતે આયોજિત ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝન સેચ્યુરેશન ડ્રાઇવ પરના એક કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા.

ખાનગી બેંક દ્વારા બચત ખાતાઓ માટે જરૂરી લઘુત્તમ બેલેન્સ વધારવા અંગે પૂછ્વામાં આવતા, મલ્હોત્રાએ કહ્યું, ''RBI એ વ્યક્તિગત બેંકો પર નિર્ણય લેવાનું છોડી દીધું છે કે તેઓ કેટલું લઘુત્તમ બેલેન્સ રાખવા માંગે છે. કેટલીક બેંકોએ તેને ૧૦,૦૦૦ રૂપિયા રાખ્યું છે, કેટલીક બેંકોએ ૨,૦૦૦ રૂપિયા રાખ્યા છે અને કેટલીક બેંકોએ (ગ્રાહકોને) મુક્તિ આપી છે. તે (RBIના) નિયમનકારી ક્ષેત્રમાં નથી.''

તાજેતરના નિર્ણયમાં, ખાનગી ધિરાણકર્તા ICICI બેંકે ૧ ઓગસ્ટથી નવા બચત ખાતા ખોલનારાઓ માટે લઘુત્તમ બેલેન્સની આવશ્યકતામાં વધારો કર્યો છે. ધિરાણકર્તાની વેબસાઇટ અનુસાર, બચત બેંક ખાતા પર લઘુત્તમ સરેરાશ માસિક બેલેન્સ (MAB) પાંચ ગણો વધારીને રૂ. ૧૦,૦૦૦ થી રૂ. ૫૦,૦૦૦ કરવામાં આવ્યું છે. તેવી જ રીતે, અર્ધ-શહેરી સ્થળો અને ગ્રામીણ સ્થળો માટે ખઅઇ પાંચ ગણો વધારીને અનુક્રમે રૂ. ૨૫,૦૦૦ અને રૂ. ૧૦,૦૦૦ કરવામાં આવ્યો છે.

આકસ્મિક રીતે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ બચત ખાતા ધારકોને લઘુત્તમ બેલેન્સ ન રાખવા પર દંડ ન કરવાનો નિર્ણય લીધો છે. પરંપરાગત રીતે, જાહેર ક્ષેત્રની બેંકોમાં ખાનગી ધિરાણકર્તાઓની તુલનામાં ઓછી બેલેન્સ આવશ્યકતાઓ હોય છે.

જેમાં જન ધન ખાતાઓ માટે આ જરૂરિયાત માફ કરવામાં આવી છે. ઘણી જાહેર ક્ષેત્રની બેંકોએ આ આવશ્યકતાને દૂર કરી દીધી છે, અને જે ગ્રાહકો લઘુત્તમ નિર્ધારિત બેલેન્સ જાળવવામાં નિષ્ફળ જાય છે તેમને દંડ ચૂકવવાની જરૂર નથી.

# ૧૦૮ એમ્બ્યુલન્સ હેલ્પલાઇનની ટીમે લાખોના દાગીના અને રોકડ પરત કરીને ઈમાનદારી દાખવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારની ૧૦૮ એમ્બ્યુલન્સ હેલ્પલાઇન સેવા અનેક લોકોના જીવન બચાવવા માટે આશીર્વાદ સમાન બની છે. સાથસાથે એમ્બ્યુલન્સના સ્ટાફે પ્રામાણિકતાના અનેક દ્રષ્ટાંતો સ્થાપિત કર્યા છે. ત્યારે રાજકોટમાં વધુ એક ઘટનામાં લાખોના દાગીના અને રોકડ પરત કરીને ૧૦૮ની ટીમે ઉત્કૃષ્ટ ઈમાનદારી દાખવી હતી.



ગોંડલ-જેતપુર નેશનલ હાઈવે પર આવેલા કાગવડ ગામની સીમમાં વાહન અકસ્માત સર્જાયો હતો. જૂનાગઢથી ગોંડલ તરફ જઈ રહેલી કારના ચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતાં, કાર ડિવાઈડર સાથે અથડાઈને પલટી મારી ગઈ હતી. જેથી, કારમાં સવાર ઠાકરશીભાઈ ડોબરિયા અને તેના પત્નીને ઈજા થઈ હતી. તેઓ ગોંડલ ખાતે પોતાની દીકરીના ઘરે જઈ રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી.

આ અકસ્માતની જાણ થતાં જ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ હેલ્પલાઇનની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમે ઘાયલ દંપતીને ઝડપથી ગોંડલની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. એમ્બ્યુલન્સના પાયલોટ કીર્તિદાનભાઈ ગઢવી અને પ્રવીણસિંહને કારમાંથી દંપતીનો કિંમતી સામાન મળી આવ્યો હતો.

તેમને કારમાંથી સાડા ચાર લાખ રૂ. રોકડા, ચાર તોલા સોનાના દાગીના અને બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા. તેમણે આ તમામ ચીજવસ્તુઓ દંપતીના જમાઈ અરવિંદભાઈ રામાણીને પરત કરી હતી. આમ, ઈજાગ્રસ્તોને સમયસર સારવાર પૂરી પાડવાની સાથે તેમની કિંમતી વસ્તુઓનું ધ્યાન રાખીને બંને કર્મયોગીઓએ કર્તવ્યનિષ્ઠા અને માનવતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# ગોંડલમાં પોલીસ અને જનપ્રતિનિધિઓ વચ્ચે સેતુ સાધવા પરિસંવાદ યોજાયો

### સામાન્ય વિવાદોને પોલીસના ધ્યાનમાં લાવી, મોટા ગુના બનતા અટકાવવા પર ભાર મુકતા જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંઘ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્યના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ વિકાસ સહાયની પ્રેરણાથી રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંઘની અધ્યક્ષતામાં ગોંડલ ખાતે પોલીસ અને સરપંચો વચ્ચે પરિસંવાદ યોજાયો હતો. જેનો મુખ્ય હેતુ પોલીસ અને સ્થાનિક જનપ્રતિનિધિઓ વચ્ચે સંવાદ અને સહયોગ વધારીને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સુદ્રઢ બનાવવાનો હતો.

આ કાર્યક્રમની શરૂઆત ગોંડલ શહેર બી ડિવિઝન પોલીસ કચેરીના જે. પી. રાવ દ્વારા સ્વાગત પ્રવચનથી થઈ હતી. ગોંડલ તાલુકાના પોલીસ ઈન્સપેક્ટર એ. ડી. પરમારે ફેક ન્યૂઝ, ન્યૂડ વીડિયો કોલ, ઓનલાઈન ફ્રોડ અને ડિજિટલ એરેસ્ટ જેવી સાયબર છેતરપિંડીથી બચવા માટે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે નાગરિકોને અજાણ્યા કોલ કે લિંકથી સાવધ રહેવા અને લાલચમાં ન આવવા અપીલ કરી હતી.







સુલતાનપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર જે. એ. ખાચરે તાજેતરમાં લાગુ થયેલા ભારતીય ન્યાય સંહિતા જેવા નવા કાયદા વિશે જાણકારી આપી હતી અને આ કાયદામાં થયેલા ફેરફારો અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની કામગીરી વિશે સમજાવ્યું હતું. તેમજ ડી.વાય.એસ.પી. કે. જી. ઝાલાએ સામાન્ય વિવાદોને પોલીસના ધ્યાનમાં લાવી, મોટા ગુના બનતા અટકાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે સરપંચો અને નગરપાલિકાના સદસ્યોના વોટ્સએપ ગ્રુપ બનાવવાની પહેલને બિરદાવી હતી.

આ કાર્યક્રમમાં હિમકરસિંહે ખાતરી આપી હતી કે સિક્સ-લેનનું કામ પૂર્ણ થતાં ટ્રાફિક સમસ્યા હળવી થશે અને ત્યાં સુધી ટ્રાફિક નિયમન માટે પોલીસ સ્ટાફ અને ક્રેનની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ વાછરા ગામના સરપંચે તેમના ગામમાં ઘણા વર્ષોથી એક પણ કેસ ન થવા દીધા બદલ સરાહના કરવામાં આવી હતી અને પોલીસે કેસના સમાધાન પર ભાર મૂકવો જોઈએ, તેમ જણાવ્યું હતું. આ તકે રાજકોટ જિલ્લા એસ.પી. હિમકરસિંહે ગુનાખોરીને રોકવા અને ગુના ઉકેલવામાં મદદરૂપ થવા માટે ગ્રામ્ય વિસ્તારોના મુખ્ય માર્ગો પર સી.સી.ટી.વી. કેમેરા લગાવવા માટે સહયોગનો અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે જિલ્લામાં અસામાજિક તત્વો અને ગેરકાયદેસર દબાણો સામે કડક કાર્યવાહી ચાલી રહી છે અને રૂ. ૦૭ કરોડથી વધુની કિંમતના દબાણો દૂર કરવામાં આવ્યા છે. તેમણે ૧૦૦ હેલ્પલાઇન નંબર પર આવતા કોલનું વ્યક્તિગત રીતે મોનિટરિંગ કરતા હોવાનું પણ જણાવ્યું હતું.

આ કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગાન સાથે થયું હતું. એ.એસ.આઇ. રવીરાજસિંહ સરવૈયાએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં ગોંડલ શહેર અને તાલુકાના સરપંચો, નગરપાલિકાના સદસ્યો, સામાજિક આગેવાનો અને પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### 'હર ઘર તિરંગા' અભિયાનમાં જોડાતા ગ્રામીણ શાળાના વિદ્યાર્થીઓ

# બાળકોમાં દેશપ્રેમ ઉજાગર કરવા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં સ્વતંત્રતા પર્વની ઉજવણી નિમિત્તે 'હર ઘર તિરંગા' અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યું છે. જેના ભાગરૂપે બાળકોમાં દેશપ્રેમ ઉજાગર કરવાના આશયથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ બાળકો સરકારી શાળાઓ ખાતે આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં હોંશભેર ભાગ લઈ રહ્યાં છે.

જેતપુર તાલુકાના મોટા ગુંદાળા ગામ ખાતે પ્રધાનમંત્રી મોટા ગુંદાળા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીનીઓએ ભારત માતાની રંગોળી રચી હતી. આ ઉપરાંત, પડધરી તાલુકાની શિવપુર પ્રાથમિક શાળા ખાતે 'આર્મીમેનને પત્રલેખન' સ્પર્ધા યોજાઈ હતી. તેમજ વિસામણ શિવપુર પ્રાથમિક શાળા ખાતે ભારત દેશ વિષયક ક્વિઝ સ્પર્ધા યોજાઈ હતી. વધુમાં, રાજકોટ તાલુકાની માલીયાસણ તાલુકા શાળા અને ગૌરીદડ તાલુકા શાળા ખાતે 'હર ઘર તિરંગા' વેબસાઈટ પર સેલ્ફી અપલોડ કરવા માટે વિદ્યાર્થીઓએ હાથમાં રાષ્ટ્રધ્વજ સાથે ફોટોગ્રાફ ક્લિક કરાવ્યા હતાં. આમ, વિદ્યાર્થીઓ દેશપ્રેમ વ્યક્ત કરવા 'હર ઘર તિરંગા' અભિયાનમાં જોડાઈ રહ્યાં છે.

# રાજકોટ ગ્રામ્યમાં આવનારા મુસાફરોની ઓનલાઈન પોર્ટલ "પથિક" પર એન્ટ્રી કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ત્રાસવાદીઓ અને અસામાજીક તત્વોની દેશ વિરોધી પ્રવૃત્તિઓ પર નિયંત્રણ મુકવા માટે રાજકોટ અધિક જિલ્લા કલેક્ટર શ્રી એ. કે. ગૌતમએ હુકમો જાહેર કર્યા છે. જે મુજબ રાજકોટ ગ્રામ્ય વિસ્તારની હોટલ, ધર્મશાળા, સમાજવાડી, મુસાફરખાના, ક્લબહાઉસ, રીસોર્ટ, ધર્મસ્થળો, ધાબા તથા અન્ય સ્થળો માલિક / સંચાલક / ભાગીદાર / સંચાલક કોઈપણ વ્યક્તિને ભાડે આપે ત્યારે તેની જાણ ઓનલાઈન પોર્ટલ https://pathik.guru/ પર કરવાની રહેશે. મુસાફરોની તમામ માહિતી પથિક (પ્રોગ્રામ ફોર એનાલીસીસ ઓફ ટ્રાવેલર એન્ડ હોટેલ ઈન્ફોર્મેટીક્સ) વેબપોર્ટલ પર કરવાની રહેશે. આ આદેશનો અમલ તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી કરવાનો રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# જેતપુરમાં પોલીસ-સરપંચો વચ્ચે થઇ મન કી બાત

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગામડાઓના સરપંચો સાથે પરીસંવાદનું આયોજન કરાયું હતું જેમાં ડ્રગ્સ નિવારણ અંગે દરેક ગામમાં સી.સી.ટી.વી કેમેરા લગાવવા તેમજ ત્રણ નવા કાયદાની પ્રાથમીક માહીતી આપી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમો વિશે જાણકારી આપી હતી

જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના પી આઈ એ.એમ.હેરમા તથા પોલીસ સ્ટાફ દ્વારા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે સરપંચ-પોલીસ પરીસંવાદનુ આયોજન કરવામાં આવેલ જેમાં ગામડાઓમાં જયારે પોલીસને લગતા બનાવો બને છે ત્યારે તેની જાણ સ્થાનિક પોલીસને સમયસર થતી નથી, જેના કારણે કાયદાકીય કામગીરી કરવામાં વિલંબ થતો હોય જેથી તમામ સરપંચોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ સરપંચોનું વોટ્સએપ ગૃપ બનાવેલ તથા સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ અંતર્ગત સાયબર ફ્રોડ અંગે વિસ્તૃત માહિતગાર કરવામા આવેલ તેમજ સાઇબર ફ્રોડ થી બચવા શું તકેદારી રાખવી તે બાબતે માહિતગાર કરવામાં આવેલ આ ઉપરાંત ડ્રગ્સ નિવારણ અંગે માહિતી આપવામાં આવી અને દરેક ગામમાં સી.સી.ટી.વી કેમેરા લગાવવા તેમજ ત્રણ નવા કાયદાની પ્રાથમીક માહીતી આપી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમો વિશે જાણકારી આપેલ હતી. આ કાર્યક્રમમાં જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારના અલગ અલગ ગામાનો ૨૭ જેટલા સરપંચો ઉપસ્થિત રહ્યા હતા.



# રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ ત્રણ બહેનોના એકન એક ભાઈની લાશ કેનાલમાંથી મળી

### અમદાવાદના વટવાના ગુમ યુવાનનો મૃતદેહ લખતરના બાબાજીપરા પાસેથી મળી આવતા પરિવારમાં આકંદ

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

અમદાવદના વટવામાં રહેતો ૪૪ વર્ષીય યુવાન બે દિવસથી ગુમ હતો. આ યુવાનનો મોબાઈલ અને પર્સ વિરમગામના સોકલી કેનાલ પાસેથી મળી આવ્યા હતા. આથી પરિવારજનોએ ગુમ થયાની નોંધ કરાવી હતી. ત્યારે આ યુવાનની લાશ લખતરના બાબાજીપરા કેનાલમાંથી મળી આવતા પરિવારજનો આનંદ કરતા હતા. મૃતક ૩ બહેનોને એકનો એક ભાઈ હતો.



સુરેન્દ્રનગર જિલ્લાના લખતર પંથકમાંથી પસાર થતી નર્મદા કેનાલોમાં અવારનવાર માનવ લાશો મળી આવે છે. છેક ઉત્તર ગુજરાત અને વિરમગામ ગ્રામ્યમાં કેનાલમાં પડેલ વ્યકતીઓની લાશો તણાઈને લખતર સુધી આવે છે. ત્યારે શુક્રવારે મોડી સાંજે લખતરના વિઠ્ઠલગઢ-બાબાજીપરા વચ્ચે પસાર થતી નર્મદાની સૌરાષ્ટ્ર શાખા મુખ્ય કેનાલના સાતનાળા પમ્પીંગ સ્ટેશનમાં એક લાશ હોવાની માહિતી લખતર પોલીસને મળી હતી.

આથી લખતર પીઆઈ વાય.પી.પટેલ, દિલીપભાઈ અજાણા, જયદીપભાઈ સીંધવ સહિતનો પોલીસ કાફલો દોડી ગયો હતો. અને લાશને પીએમ માટે સરકારી દવાખાને લઈ જવાઈ હતી.

# એઈમ્સ હોસ્પિટલમાં PSSY હેઠળ કોલોનોસ્કોપી અને એન્ડોસ્કોપી સેવાઓ શરૂ કરાઈ

### ૧૧ વર્ષથી અનુભવ ધરાવતા જોધપુરના એસોસિએટ પ્રોફેસર અને ફેકલ્ટી ઈન્ચાર્જ ડોક્ટર આશિષ અગ્રવાલ દ્વારા સેવાઓ શરૂ કરવામાં મહત્વની ભૂમિકા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ એઈમ્સ રાજકોટ દ્વારા કોલોનોસ્કોપી અને અપર જી.આઈ એન્ડોસ્કોપી સેવાઓ શરૂ કરવાથી જે દર્દી-પેટ અને આંતરડા સંબંધિત બીમારી ની તપાસ માટે આરોગ્ય સંભાળ વધારવા તરફ એક પગલું છે.



એઈમ્સ રાજકોટના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર પ્રો.ડો.ગોવર્ધન દત્ત પુરીના માર્ગદર્શન અને એઈમ્સ જોધપુરના ડો. આશિષ અગ્રવાલની આગેવાની હેઠળ, એઈમ્સ રાજકોટના આસિસ્ટન્ટ પ્રોફેસરો ડો. કોમલ કુમાર જાંગીર, ડો. મિનેશ સિંઘલના સહયોગથી, આ પહેલનો હેતુ કોલોરેક્ટલ અને ઉપલા જઠરાંત્રિય રોગો ની પ્રારંભિક તપાસ અને સારવારમાં સુધારો કરવાનો છે.

૧૧ વર્ષથી વધુ અનુભવ ધરાવતા અને છે તાતરીક ચરવર મને ટ્રેપ છે કોલોનોસ્કોપી, અપર જી.આઈ એન્ડોસ્કોપી ના નિષ્ણાંત એઈમ્સ જોધપુર ના એસોસિયેટ પ્રોફેસર અને ફેકલ્ટી-ઈન-ચાર્જ ગેસ્ટ્રોએન્ટેરોલોજી ડો. આશિષ અગ્રવાલ, એઈમ્સ રાજકોટમાં આ સેવાઓ સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી.

# મેટોડામાં યુવતિનો હાથ પકડી સુપરવાઇઝરે છેડતી કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મેટોડા જીઆઈડીસીમાં આવેલી - કંપનીમાં કામ કરતી મહિલાનો છ સુપરવાઈઝરે તું મને ખુબ ગમે છે કહી હાથ પકડી લઈ છેડતી કરતા મેટોડા - જીઆઈડીસી પોલીસ મથકમાં ગુનો - નોંધાયો છે. મેટોડા જીઆઈડીસીમાં - રહેતી મૂળ ધારી પંથકની ૨૧ વર્ષીય - પરિણીતાએ મેટોડા જીઆઈડીસી - પોલીસમાં મથકમાં નોંધાવેલી - ફરિયાદમાં મેહુલ અશોક સોલંકીનું નામ - આપતાં જણાવ્યું હતું કે, હું અને મારા - પતિ છેલ્લા અઢી માસથી મેટોડા જીઆઈડીસીમાં આવેલ એક કારખાનામાં કામ કરીએ છીએ અને મારે સંતાનમાં એક પુત્ર છે. ગઈ તા.૦૭/૦૮/૨૦૨૫ના રોજ હું તથા મારા પતિ સવારે સાતેક વાગ્યે કામ ઉપર ગયેલ હતા અને હું તથા મારા પતિ હાઉસ કીપીંગ સાફ-સફાઈનું કામ કરતા હતા. બપોરે જમીને આશરે અઢી વાગ્યાના અરસામાં મારા પતિને અમારા સુપર વાઈઝર મેહુલભાઇ અશોકભાઈ સોલંકીએ અમારા સાહેબના ઘરે કામ હોય જેથી રાજકોટ ખાતે મોકલેલ હતા. બાદ બપોરના ત્રણ વાગ્યે મારા સુપરવાઈઝર મેહુલભાઈ નીચે આવેલ અને મને કહેલ કે ઉપર સીડી પાસે કામ છે, ત્યાં આવજે. જેથી હું ત્યા સીડી પાસે ગયેલ ત્યારે મેહુલ એકલો ત્યા હાજર હતો અને મને કહેલ તુ મને ખુબ ગમે છે અને તુ મારી સાથે સંબંધ રાખ કહી મારો હાથ પકડેલ હતો. જેથી મે તેને કહેલ કે, તુ મને જવા દે, હું કોઈને નહિ કહું તેમ કહી હું ત્યાથી નિકળી ગયેલ હતી અને તુરંત મારા ઘરે ચાલી ગયેલ હતી. રાત્રે મારા પતિ ઘરે આવતા આ બનાવની જાણ મે મારા પતિ તેમજ ભાઈ, સાસુ તથા નણંદને બનાવ બાબતે જાણ કરેલ હતી. બાદમાં પરિણીતાએ મેટોડા જીઆઈડીસી પોલીસ મથકમાં કંપની સુપરવાઈઝર વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે છેડતીની કલમો હેઠળ ગુનોનોંધી કાર્યવાહી શરૂ કરી હતી.

# આજી રીંગ રોડ પર સહજાનંદ પાર્ક પાસે દારૂ ભરેલી કાર ઝડપાઇ

### શ્રમજીવી સોસાયટીમાં ૩૬ હજારના દારૂ-બિયર સાથે બુટલેગરની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સાતમ આઠમના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે બુટલેગરો પણ સક્રિય બન્યા હોય તેમ પોલીસે ઠેકઠેકાણે દરોડા પાડી દારૂ બિયરનો જથ્થો ઝડપી લઇ બુટલેગર સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રથમ દરોડામાં ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમના એએસઆઇ મનરૂપગીરી ગોસ્વામી, કોન્સ. રવિરાજભાઇ પટગીર સહિતનો સ્ટાફ શહેરની ભાગોળે બાયપાસ રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે એક હુન્ડાઇ વર્ના કાર નંબર જીજે૩એલઆર૮૦૯૯ નંબરની શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે કારનો પીછો કરતા કાર ચાલક કાર રેઢી મુકી નાસી ગયો હતો. પોલીસે કારની તલાસી લેતા તેમાંથી મેકડોલ નંબર-૧ની ૧૪૪ બોટલ તથા બે લીટરના ૫૪ જબ પ્લાસ્ટીકના, બેલર નંગ ૬ સહિત કુલ રૂ.૨.૪૯ લાખનો દારૂનો જથ્થો મળી આવતા પોલીસે કાર સહિતનો મુદ્દામાલ કબ્જે કરી નાસી ગયેલ કાર ચાલકની નંબરના આધારે શોધખોળ શરૂ કરી છે.

જયારે બીજા દરોડામાં પીસીબીના હેડ કોન્સ. કુલદિપસિંહ જાડેજા, કોન્સ. યુવરાજસિંહ રાણા સહિતના સ્ટાફે બાતમીના આધારે ભાવનગર રોડ પર બેડીપરામાં શ્રમજીવી સોસાયટી શેરી નં.૪માં રહેતો હિતેષ ઉર્ફે હિત્યો કનક જાંબુકીયાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા ૧૮૦ એમએલના ૧૨૧ ચપલા તથા બિયરના ટીન નંગ ૨૪ મળી આવતા પોલીસે રૂ.૩૬૭૪૪નો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગર હિતેષ ઉર્ફે હિત્યાની ધરપકડ કરી છે.

# રાજકોટ પોલીસે પકડેલો દારૂ-બિયરનો રૂ.૩.૪૯ કરોડનો જથ્થો નાશ કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલા નાકરાવાડી ગામ પાસે પોલીસે પકડેલા વિદેશી દારૂ-બિયરના જથ્થાનો નાશ કરવાની પ્રક્રિયા ઉચ્ચ અધિકારીઓ દ્વારા કરવામાં આવી હતી.

આ અંગે પોલીસે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, રાજયના ગૃહ વિભાગના આદેશથી રાજકોટ શહેર વિસ્તારમાં ગેરકાયદેસર રીતે આયત થયેલ અને પકડાયેલ ૨૦૨૪-૨૫ના વર્ષ દરમ્યાન ભારતીય બનાવટની વિદેશી દારૂને કોર્ટના મુદ્દામાલનો નિકાલ કે નાશ કરવા સંબંધિ સુચનાના પગલે રાજકોટ શહેર પોલીસ દ્વારા સમીતીની રચના કરવામાં આવી હોય જે ઉચ્ચ અધિકારીઓની રૂબરૂમાં રાજકોટ શહેર પોલીસ દ્વારા પકડવામાં આવેલ ૩૫૫ કેસ નોંધાયા હોય જેનો દારૂ-બિયરનો જથ્થો ૮૦૯૫૦ બોટલ-ટીન જેની કિંમત ૩.૪૯ કરોડનો જથ્થો આજે સવારે સાત હનુમાનથી આગળ સોખડા અને નાકરાવાડી ગામ વચ્ચે રસ્તે આવેલ સરકારી ખરાબાની જમીન પર ગોઠવી તેના પર બુલડોઝર ફેરવી દઇ નાશ કરવામાં આવ્યો હતો.

# હાઈકોર્ટ બેંચની માંગ સાથે વકીલો દ્વારા લડત શરૂ: ૧૧૧ શ્રીફળો વધેરાયા

### નવી કોર્ટ બિલ્ડીંગ ખાતે ધારાશાસ્ત્રી અગ્રણીઓ દ્વારા હાઈકોર્ટ હમ લેકે રહેંગે' પ્રચંડ સૂત્રોચ્ચાર: જામનગર, મોરબી જિલ્લાના વકીલો જોડાયા, સૌરાષ્ટ્ર-કચ્છ સહીત તમામ જિલ્લાના વકીલોનો સહકાર મંગાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં હાઈકોર્ટ બેંચની વર્ષો જુની માગણી અન્વયે હાઈકોર્ટ સર્કીટ બેંચની માંગ સાથે હાઈકોર્ટ હમ લેકે રહેગેના નારા સાથે સુત્રોચારો કરી ૧૧૧ શ્રીફળો વધેરી લડત શરૂ કરવામાં હતી. જેમા રાજકોટના સીનીયર સહીતના વકીલો ઉપરાંત જામનગર, મોરબી તેમજ તમામ જીલ્લાના વકીલો જોડાયા હતા. સર્કીટ બેંચની કમીટીના આગેવાનો એ આગામી સમયમાં સૌરાષ્ટ્ર-કચ્છ ના વકીલ મંડળનો સહકાર મેળવી ઉગ્ર લડત આપવાનો નિર્ધાર વ્યકત કરવામાં આવ્યો હતો.





રાજકોટને સૌરાષ્ટ્ર કચ્છની અલગ હાઈકોર્ટ બેંચની ૪૫ વર્ષ જુની માંગણી છે. જેમા અનેક વખત આંદોલનનો થયા છ્ત હજુ સુધી સૌરાષ્ટ્ર કચ્છની જનતાના હિતમાં સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો નથી. જયારે તાજેતરમાં જ મુંબઈ હાઈકાર્ટ દ્વારા મહારાષ્ટ્રમાં નાગપુર બેંચ બાદ બીજી કોલ્હાપુર બેંચ માટેની મંજુરી મળતા રાજકોટના વકીલો દ્વારા પણ આ બાબતે લડત શરૂ કરવામાં આવી છે. જેમા બાર એસોસિયેશન દ્વારા નિમવામાં આવેલ હાઈકોર્ટ સર્કીટ બેંચ કમીટીના માર્ગદર્શન હેઠળ શ્રાવણ માસના ત્રીજા સોમવારે સીનીયર વકીલો સહિતના ઓએ ૧૧૧ શ્રીફળો વધેરી લડતનો પ્રારંભ કર્યો હતો.

શાહી.અર્જુનભાઈ જામનગર રોડ પર નવી કોર્ટ ખાતે સીનીયર ધારાશાસ્ત્રી અનીલ દેસાઈ,લલીત પટેલ,સુરેશ ફળદુ,જામનગરના મનોજભાઈ અનડકડ સહીતના મોટી સંખ્યામાં વકીલો જોડાયા હતા. અને રાજકોટને હાઈકાર્ટની સર્કીટ બેંચ આપવા માટે પ્રચડ ઘોસ સાથે સુત્રોચારો કરી લડતનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમા રાજકોટ તેમજ જામનગર અને મોરબીના સીનીયર,જુનીયર સહીત ૪૦૦૦ જેટલા વકીલોનો સહયોગ સાપડી રહ્યો છે.તેમજ સૌરાષ્ટ કચ્છના તમામ વકીલોને સાથે રાખી લડત ઉગ્ર બનાવવા જુદાજુદા કાર્યક્રમો આપવામાં આવશે.

# ડ્રગ એન્ડ ફૂડ વિભાગે લીધેલા પાંચ વેપારી પેઢીઓના નમુના નાપાસ થયા

### ક્રિષ્નાડેરી, નેપલ્સ ફૂડ સેન્ડવીચ એન્ડ અડ્ડા, ડિલાઈટ આઈસ્ક્રિમ સહિતની પેઢીઓ સામે દંડની કાર્યવાહી કરતા અધિક કલેક્ટર આલોક ગૌતમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા પાંચ વેપારી પેઢીના એન્ડ ડ્રગ્સ ઘી, ચીઝ, બટર, આઈસ્ક્રીમના લેવાયેલા નમૂના નાપાસ (સબ સ્ટાન્ડર્ડ) થતા અધિક કલેકટર આલોક ગૌતમ દ્વારા આ પાંચેય વેપારી પેઢીને રૂા.૧.૭૦ લાખનો દંડ ફટકારી કડક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જેમાં શહેરના સામાકાંઠા વિસ્તારમાં રણછોડનગર-૫માં મહેશકુંજ પાસે આવેલ અનંતભાઈ મુળજીભાઈ વીનો લુણાગરીયાની પેઢીનો શુધ્ધ ઘીનો નમૂનો લેવામાં આવેલ હતો. જે નાપાસ થતા આ વેપારી પેઢીને રૂા.૨૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આવી જ રીતે ૧૫૦ ફૂટ રીં ગ રોડ પર આવેલ નેપલ્સ ફૂટમાંથી ચીઝનો નમૂનો લેવામાં આવ્યો હતો જે સબ સ્ટાન્ડર્ડ થતા નેપલ્સ ફૂડસને રૂા.૭૦ હજારનો દંડ ફટકારવામાં આવેલ છે. જયારે વિરાણી હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં ચાલતી ફુડ બજારમાં કિશન અનીલભાઈ જસાણીના ધ સેન્ડવીચ અડ્ડા નામના શોપમાંથી બટરનો નમૂનો લેવામાં આવેલ હતો જે પણ લેબ ચકાસણી દરમ્યાન નાપાસ થતા તેને રૂા. ૩૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત ડીલાઈટ આઈસ્ક્રીમમાંથી પાન મસાલાની ફલેવર વાળા આઈસ્ક્રીમનો નમૂનો લેવામાં આવેલ હતો જે પણ લેબમાં નાપાસ થતા આ ડીલાઈટ આઈસ્ક્રીમને રૂા.૧૫ હજારનો દંડ કરવામાં આવેલ છે. આ પાંચેય પેઢીના ઘી, ચીઝ, બટર, આઈસ્ક્રીમ, સહિતના નમૂના લેબ ચકાસણી દરમ્યાન નાપાસ થયા બાદ આ અંગેના કેસ અધિક કલેકટર આલોક ગૌતમ સમક્ષ ચાલી ગયા હતા. જેમાં સુનાવણીના અંતે ઉપરોકત પાંચેય પેઢીને રૂા.૧.૭૦ લાખનો દંડ ફટકારવામાં આવેલ છે.

# શનિવારે દ્વારકામાં ભગવાન દ્વારકાધીશના જન્મના વ્હાલથી વધામણા

**મુખ્ય સમાચાર, જામખંભાળિયા**

ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે યાત્રાધામ દ્વારકામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ લાખો શ્રદ્ધાળુઓ કાળિયા ઠાકોરના જન્મોત્સવને મનાવવા આવનાર છે. આને અનુલક્ષીને તંત્ર દ્વારા યાત્રાળુઓની સુવિધા માટે છપ્પન સીડી સ્વર્ગ દ્વારેથી એન્ટ્રી અને મોક્ષ દ્વારેથી બહાર નીકળવા માટેની ગોઠવણ કરવામાં આવી રહી છે.

આ સાથે જગતમંદિરના પટાંગણમાં પણ વિશાળ માંડવાઓ ઉભા કરવામાં આવ્યા છે. ઉપરાંત મંદિર આસપાસ આકર્ષક સુશોભન કાર્ય શરૂ કરાયું છે. જગતમંદિરને કલાત્મક લાઈટીંગથી શણગારવા માટેની કામગીરી પણ હાથ ધરાઈ છે. જે ટૂંકમાં પૂર્ણ થતાં જગતમંદિર ઝળહળતું કરાશે. અહીં આવતા શ્રદ્ધાળુઓ, દર્શનાર્થીઓને કોઈ હાલાકી ન થાય તે માટે તંત્ર દ્વારા વિવિધ પ્રકારની તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

યાત્રાધામ દ્વારકામાં જગપ્રસિધ્ધ દ્વારકાધીશજી મંદિરે શનિવાર તા. ૧૬ ના રોજ જન્માષ્ટમી પર્વ નિમિત્તે ભગવાન શ્રી કૃષ્ણના ૫૨૫૨માં જન્મોત્સવની પરંપરાગત રીતે ઊજવણી થનાર હોય, ઠાકોરજીના જન્મોત્સવને વધાવવા ભાવિકોમાં પણ ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે.

આગામી જન્માષ્ટમીના તહેવાર દરમિયાન દ્વારકા શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા જળવાઇ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તા. ૧૭ ઓગસ્ટ સુધી દ્વારકા શહેરના કેટલાક વિસ્તારો નો પાર્કિંગ તેમજ પાર્કિંગ ઝોન તરીકે ઉપયોગમાં લેવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ખુન કા બદલા ખુન જેવા બનાવમાં મુખ્ય આરોપીને જામીન મુક્ત કરતી ગુજરાત હાઈકોર્ટ

## આરોપી પક્ષે ગુજરાત હાઈકોર્ટમાં સિનિયર કાઉન્સીલ જાલ ઊનવાલા, એડવોકેટ મહમદઝૈદ સૈયદ તથા તેજલબેન વશી, રાજકોટમા વકિલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રોકાયેલ હતા


વકિલ રૂપરાજસિંહ પરમાર


મોહમદ ઝૈદ સૈયદ
એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ફરીયાદી અંકુરભાઈ રાજેશભાઈ ગોહિલ દ્વારા તારીખ ૨૦/૦૫/૨૦૨૧ના રોજ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં આ કામના મુખ્ય આરોપી(આરોપી નં.૧) એજાજ ઉર્ફે એજુ હનીફભાઈ પાયક સહિત છ લોકો વિરુદ્ધ ફરીયાદીના ભાઈ રાહુલના ખુન થયા અંગેની ફરીયાદ આપેલ હતી.

અગાઉ તારીખ ૧૫/૧૧/૨૦૧૯ના રોજ રાજકોટ આર.ટી.ઓ ઓફિસની અંદર સોહિલ પાયક નામના યુવાનની કનુ ઉર્ફે અમરશીભાઈ, નિતિન માધવજી તેમજ રાહુલ રાજેશભાઈ ગોહિલ સહિતના લોકોએ હત્યા નિપજાવેલ હોવાના આરોપસર બનાવ બાદ આરોપીઓની ધરપકડ થયેલ અને જેલ હવાલે કરવામાં આવેલ જે પૈકી રાહુલ રાજેશભાઈ ગોહિલ તથા નિતિન માધવજીભાઈ ડાભી જામીન મુક્ત થતાં આ ખુનના બનાવનો ખાર રાખી ગુજરનાર રાહુલભાઈ તથા નિતિન માધવજીભાઈ ડાભી ટ્રક લઈને વાંકાનેર તાલુકાનાં મહિકા ગામે મચ્છુ નદિમાથી રેતી ભરવા જતા હોવાની માહિતી મળેલ જેથી હાલના કેસના મુખ્ય આરોપી અને આર.ટી.ઓમાં થયેલ ખુનના કેસના ફરીયાદી એવા એજાજ પાયક તેમજ તેમના મિત્રોએ અગાઉથી પુર્વઆયોજીત કાવત્રુ રચી રસ્તામાં ટ્રક આડે ઈનોવા કાર નાખી રસ્તામાં ટ્રક રોકી ટ્રકની આગળના ભાગે કાચમાં પથ્થરોના ઘા કરી કાચ તોડી નાખેલ ત્યારબાદ ટ્રકમાં રહેલ રાહુલ તથા નિતિનને ટ્રકમાથી બહાર ખેંચી લીધેલ ત્યારબાદ છરી, પાઈપ જેવા જીવલેણ હથિયારો તેમજ ટ્રકમાં રહેલ ટોમી વતી રાહુલભાઈ તથા નિતિન માધવજીભાઈ ડાભી પર પોતાના ભાઈનો ખુનનો બદલો લેવા માટે જીવલેણ હુમલો કરેલ હતો જેથી રાહુલ દોડીને થોડે દુર એક વાડી-ખેતર તરફ જતાં તેમની પાછળ આરોપીઓએ જઈ ગુજરનાર રાહુલભાઈને ગળાના ભાગે તેમજ બન્ને ગાલ ઉપર દાઢી ઉપર તથા પડખામાં છરીના ઘાની ઈજાઓ પહોચાડી આરોપીઓ ત્યાથી જતાં રહેલ તેવા મતલબનો પોલીસ કેસ થયેલ. જેની વિશેષ હકીકત એવી કે ત્યારબાદ નિતિન માધવજીએ બનાવ સ્થળ પર આવી જોતાં રાહુલ મરણ ગયેલ હાલતમાં ત્યાં પડેલ હતો અને નિતિન માધવજીભાઈ ડાભીને પણ જીવલેણ ઈજાઓ થયેલ હતી ત્યાર-બાદ ગુજરનાર રાહુલભાઈના ભાઈ અંકુરભાઈની ફરીયાદ પરથી વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં હત્યા સહિતની કલમોનો ગુન્હો નોંધાયેલ હતો ત્યારબાદ વાંકાનેર તાલુકા પોલીસે આરોપીઓની ધરપકડ કરી મોરબી જેલ હવાલે કરેલ હતા જેલમાં રહેલ આરોપીઓ પૈકી મુખ્ય આરોપી (આરોપી નં.૧) એજાજ ઉર્ફે એજુ હનીફભાઈ પાયકે તેમના વકિલ મારફત જામીન અરજી દાખલ કરતાં સદરહુ જામીન અરજી નામ.ગુજરાત હાઈકોર્ટમાં ચાલી જતાં આરોપીપક્ષ દ્વારા કરવામાં આવેલ વિસ્તૃત દલીલો પૈકી એવી દલીલ કે જે ઈજા પામનાર નજરે જોનાર સાહેદ નિતિન માધવજીભાઈ ડાભીના એક જ દિવસના બે નિવેદનો નોંધવામાં આવેલ છે જે નિવેદનો હાલના આરોપીના રોલ બાબતે બન્ને નિવેદનોમાં વિરોધાભાષ જોવા મળે છે જે નામ.ગુજરાત હાઈકોર્ટે ધ્યાને લીધેલ, ફરીયાદીપક્ષની દલીલો તેમજ કેસના સંજોગોને ધ્યાને રાખી નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા એજાજ ઉર્ફે એજુ હનીફભાઈ પાયકને જામીનમુક્ત કરતો હુકમ કરેલ હતો.

આ કામમાં આરોપી એજાજ ઉર્ફે એજુ હનીફભાઈ પાયક વતી નામ.ગુજરાત હાઈકોર્ટમાં સિનિયર કાઉન્સીલ જાલ ઊનવાલા તથા નામ.ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ મહમદઝૈદ સૈયદ તથા તેજલબેન વશી તેમજ રાજકોટમા વકિલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા, પ્રેમરાજસિંહ પરમાર તેમજ મોરબીના વકિલ હિરલબેન નાયક રોકાયેલ હતા.

# ઈન્ડિયા ઓપન એથ્લેટિક્સઃ રાજકોટની દેવયાનીબા ઝાલાને ૪૦૦ મીટર દોડમાં સિલ્વર

## ભુવનેશ્વર ખાતેની વર્લ્ડ એથ્લેટીક્સની બ્રોન્ઝ લેવલ કોન્ટીનેન્ટલ ટુર ઈવેન્ટમાં સફળતા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની વિદ્યાર્થિની દેવયાનીબા ઝાલાએ આજરોજ ભુવનેશ્વર ખાતે એશિયા ખંડના જુદા-જુદા દેશોના ખેલાડીઓ વચ્ચે યોજાયેલી ઈન્ડિયા ઓપન - ૨૦૨૫ વર્લ્ડ એથ્લેટીક્સ બોન્ઝ લેવલ કોન્ટીનેન્ટલ ટુર મીટની ૪૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલકોની લીપી હતો.

ગો. હથી.દોડની સ્પર્ધામાં આગળવધવા ઈચ્છતા દેવયાનીભા ઝાલાના પિતા મહેન્દ્રસિંહ પણ એક અચ્છા દોડવીર રહ્યા છે. બાળપણથી જોડની વર્ષામાં ગેમ્પિયન થવાના સ્વપનાઓ જોઈ આગળ વપતા દેવયાનીભાએ આ વર્ષમાં ઓરિસ્સામાં આયોજિત નેશનલ ગોમા ૪૦૦ મીટર દોડમાં બોન્ઝ મેડલ મેળવ્યો હતો. ભુવનેશ્વરમાં કીટયુનિ. ખાતે આયોજિત ઓલ ઈન્ડિયાઈન્ટરયુનિ.ની સ્પર્ધામાં ભાગ લઈ સિલ્વર મેડલ મેળવ્યો હતો. જર્મની ખાતે વર્ણ યુનિ.માં દોડ સ્પર્ધામાં ભાગ લેવા માટેનીતા મળી પરંતુ આ મુદ્દેદેશના રમતગમત મંત્રાલય સુધી રજૂઆત કરવામાં આવ્યા ભાદ તેઓને ભવને ઘર ખાતની વર્લ્ડ એથ્લેટીક્સ સ્પર્ધામાં ભાગ લેવાની સંમતિ આપવામાં આવી હતી. જેમાં તેઓએ આજે ૪૦૦ મીટર કોડની સ્પર્ધા માત્ર ૫૩.૮૭ સેકન્ડમાં પૂરી કરીને સિલ્વર મેડલમેળ યોહતો. સૌરાષ્ટ્ર યુનિ. સાથે સંલગ્ન રાજકોટની વીરબાઈમા મોહલા કોલેજમાં વર્ષોથી શારીરિક શિક્ષણનાં વ્યાખ્યાતાની જગ્યા ખાલી છે. માત્ર વિશાળ મેદાની છે. પરંતુ દોડની પ્રેક્ટીસ કરાવી શકે તેવા અવ્યાપક નહહોવાછતાં આ કોલેજમાં એસવાયબીએના વિદ્યાર્થિની કુ દેવયાનીભાએ આપબળે મહેનત કરીને આજે આંતરરાષ્ટ્રીય કક્ષાએ સફળતા પ્રાપ્ત કરી હતી.

# જામનગર રોડ સાંઢિયા પુલનું કામ કરી રહેલી મહાકાય ક્રેઈને પલટી ખાધી



લોખંડનો ભારે-ભરખમ સામાન હેરફેર થઈ રહ્યો હતો ત્યારે જ બનેલી ઘટનાઃ ડ્રાઈવરને સામાન્ય ઈજાઃ કીચડમાં વ્હીલ ખૂંપી જતાં પલટી ખાધાનું અનુમાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર નિર્માણ પામી રહેલા સાંઢિયા પુલના કામમાં એક બાદ એક વિઘ્ન આવી રહ્યા છે. થોડા દિવસ પહેલાં અહીં ચાલી રહેલા પીલર છૂટો પડી જતાં સ્લેબ ધરાશાયી થયાની વાત વાયુવેગે પ્રસરી ગઈ હતી. જો કે અધિકારીઓએ સ્થળ પર તપાસ કરતા સબ સલામત હોવાનું ધ્યાન પર આવ્યું હતું. હવે સાંઢિયા પુલને તૈયાર કરવા માટે લોખંડના ભારે-ભરખમ સામાનની હેરફેર કરતી ક્રેઈન અચાનક પલટી ખાઈ જતાં થોડો સમય કામ ખોરંભે ચડી ગયું હતું.

જે ક્રેઈને પલટી ખાધી તે હાઈડ્રો ક્રેઈન છેલ્લા ઘણા સમયથી લોખંડના એંગલને આમથી તેમ કરવા ઉપરાંત પીલર ઉપર લોખંડ મુકવા સહિતની કામગીરી કરે છે. રાજકોટમાં છૂટોછવાયો વરસાદ પડી રહ્યો હોય જ્યાં કામ ચાલી રહ્યું છે ત્યાં ગારો-કિચડ વધુ પ્રમાણમાં થઈ જવાથી ક્રેઈનનું વ્હીલ તેમાં ખૂંપી જવાને કારણે પલટી ખાઈ ગઈ હતી જેના કારણે ડ્રાઈવરને સામાન્ય ઈજા પહોંચી હતી. સદભાગ્યે જ્યાં કામ ચાલી રહ્યું હતું ત્યાં આ ક્રેઈને પલટી મારી ન્હોતી અન્યથા અનેક લોકો ઘાયલ થવાની શક્યતા રહેલી હતી. ઘટનાની જાણ થતા જ અધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા અને ક્રેઈનને સીધી કરી ફરી કામ શરૂ કરાવ્યું હતું.

# ગોંડલ પંથકમાં છથી વધુ ઘરફોડ ચોરીને અંજામ આપનાર બેલડી ઝડપાઈ

ભાયાવદરના ઢાંક ગામે જુગાર રમતા ૯ પત્તાપ્રેમીઓની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ પંથકમાં ઘરફોડ ચોરીને અંજામ આપતી બેલડીને ઝડપી લેવામાં તાલુકા પોલીસને સફળતા મળી છે. પોલીસે બાઈક સહિતનો મુદ્દામાલ કબ્જે કરી છથી વધુ ચોરીના ભેદ ઉકલી નાખ્યા છે.

આ અંગેની માહિતી મુજબ ગોંડલ તાલુકા પોલીસના પીઆઈ એ.ડી.પરમારની સુચનાથી એએસઆઈ આર.એચ.બોહરા, કુંદનભાઈ, હેડ કોન્સ. ધર્મેન્દ્રસિંહ, કોન્સ. રંજીતભાઈ ધાધલ સહિતનો સ્ટાફ તાલુકા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે રજુ ઉર્ફે રમેશ કાનજી મોહનીયા (રહે. રાવકી ગામે), દિનેશ મકનાભાઈ મારૂ (રહે. નાના મહિકા ગામ) નામના બે શખ્સોને શંકાસ્પદ હાલતમાં દબોચી લઈ આકરી પુછપરછ કરતા અગાઉ ગોંડલ પંથકમાં કાળુ સુરજી મોહનીયા (રહે. કાઠુ ગામ, તાલુકો ધાનકપુર, જીલ્લો દાહોદ) તથા સુખીયા મના મોહનીયાની સાથે મળી આ ચાર શખ્સોની ટોળકીએ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગઈ તા.૨-૭ના વ્રજભુમી કારખાનામાં તથા ૨૧-૭ના જુપ્પી મેગી કારખાનામાં તથા ૫-૮ના ભોણાવા રોડ પર આવેલ શિવ પ્રોવીજન નામની દુકાનમાં અને એક ઓરડીમાંથી રોકડ તથા અન્ય માલસમાનની ચોરી કરી હોવાની કબુલાત આપતા પોલીસે રૂ.૫૨૩૮૦નો મુદ્દામાલ કબ્જે કરી કાળુ તથા સુખીયા નામના બે તસ્કરોની શોધખોળ આદરી છે.

બીજા બનાવમાં ભાયાવદર પોલીસ મથકના પીઆઈ વી.સી.પરમારની સુચનાથી એએસઆઈ રોહિતભાઈ, હેડ કોન્સ. પ્રેમજીભાઈ, કોન્સ. શક્તિસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ઢાંક ગામે વિહારીકા સીમ વિસ્તારમાં આવેલ નનકુ ભીમભાઈ ચાદળની વાડીએ સંજય વાસુર માકડએ સાખે રાખેલ વાડીમાં ખુલ્લામાં લાઈટના અજવાળે અમુક ઈશમોને બોલાવી જુગારના સાધનો પુરા પાડી જુગાર રમાડતો હોવાની હકિકત મળતા પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા જુગાર રમતો સંજય વાજસુર માકડ, અનકુ સાદુર જલુ, ઉદય મુળુ બારેચા, વિક્રમ ભગુ હુદળ, પ્રતાપ ભગુ માકડ, ભરત ભીખુ માકડ, પ્રતાપ ભીમ ખુમાણ, ઉદય ગભરૂ બારેચા, અનીલ ભાભલુ માકડ સહિત ૯ પત્તાપ્રેમીને દબોચી લઈ રોકડા રૂ.૩૬૪૮૦નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટમાં ફલેટમાં રહેતા શખ્સનું ચાર વર્ષની બાળકી પર દુષ્કર્મ

ચોકીદાર પરિવારની બાળકીને ચોકલેટ આપી રૂમમાં લઈ જઈ કુકર્મ કર્યાનો આરોપઃ આરોપીએ બાળકીના પરિવારને ધમકાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલા એક એપાર્ટમેન્ટમાં નીચે રૂમમાં રહેતા અને ચોકીદારીનું કામ કરતા નેપાળી પરિવારની ચાર વર્ષની માસૂમ પુત્રી પર ફલેટમાં જ રહેતા પ્રમુખને ત્યાં નોકરી કરતા અને ત્યાં જ રહેતા રોહિત ભુવા નામના શખસે રૂમમાં લઈ જઈ દુષ્કર્મ ગુજાર્યાની ઘટનાથી ભારે ચકચાર જાગી છે.

યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધવાની પ્રક્રિયા સાથે આરોપીને સકંજામાં લેવા તજવીજ હાથ ધરી છે.

આ અંગેની પ્રાપ્ત માહિતી મુજબ રક્ષાબંધન પર્વની મોડી સાંજે બાળકી એપાર્ટમેન્ટમાં નીચે રમી રહી હતી ત્યારે એપાર્ટમેન્ટના પ્રમુખ સંજયભાઈને ત્યાં કામ કરતો રાહુલ આવ્યો હતો. બાળકીને રમાડવા ચોકલેટની લાલચ આપી શેઠના ફલેટમાં લઈ ગયો હતો ત્યાં રૂમમાં બાળકીને ચોકલેટ અને પૈસા આપ્યા હતા. બાળકીને નગ્ન કરી તેના પર દુષ્કર્મ ગુજાર્યુ હતું. બળકી ગાયબ હોવાનથી નેપાળી પરિવાર શોધતો દોઢેક કલાક બાદ બાળકી ફલેટમાંથી મળી હતી.

બાળકીને માતાએ પૂછતાં તેણે માતા સમક્ષ વાત કહી હતી જેને લઈને નેપાળી પરિવાર દ્વારા દેકારો મચાવાયો હતો. જે તે સમયે જ આરોપીએ મામલો રફેદફે કરવા બાળકીના પિતાના એકાઉન્ટમાં પાંચ હજાર રૂપીયા ટ્રાન્સફર કર્યા હતા. આજે ભાળકીને સારવાર અર્થે ઝનાના હોસ્પિટલમાં લવાઈ હતી. બનાવના પગલે યુનિવર્સિટી પોલીસ દોડી ગઈ હતી. બાળકીના નજીકના પરિવારજનોએ એવા પણ આક્ષેપ કર્યા હતા કે ફરિયાદ ન નોંધાવવા આરોપીના શેઠ દ્વારા ધમકી અપાઈ હતી. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

# મોરબીમાં મચ્છુ જળ હોનારતની ૪૬મી વરસી



શોકયાત્રા યોજી દિવંગતોને શ્રધાંજલિ અર્પણ કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

આજે ૧૧ ઓગસ્ટ ગુજરાતનો સૌથી ભયાનક દિવસ તરીકે માનવામાં આવે છે. વર્ષ ૧૯૭૯ માં ૧૧ ઓગસ્ટના રોજ મોરબી મચ્છુ જળ હોનારત આવ્યું હતું જેને આજે ૪૬ વર્ષ પૂર્ણ થયા છે. ચાર ચાર દશકા બાદ પણ પણ આજ ના દિવાસને મોરબી જ નહીં પરંતુ ગુજરાત એને વિદેશના કોઈપણ લોકો એ ગોઝારી ઘટનાને ભૂલી શક્યા નથી. ત્યારે આજે તે મચ્છુ જળ હોનારત દિન'' નિમિતે મોરબી મહાનગરપાલિકા દ્વારા શોક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોરબી મહાનગરપાલિકા દ્વારા બપોરે ૦૩૧૫ કલાકે નગરપાલિકા કચેરીથી શોક યાત્રા શરૂ કરી ને મણીમંદિર ખાતે આવેલ સ્મૃતિ સ્મારક સ્તંભ સુધી મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ આ રેલી શરૂ થાય ત્યારથી લઈને પૂર્ણ થાય ત્યાં સુધી મોરબીના નહેરુ ગેટ ખાતે ૨૧ બ્યુગલ વગાડવામાં આવ્યા હતા.અને આ રેલી મચ્છુ હોનારત ના મૃતાત્માઓના સ્મૃતી સ્તંભ મણી

મંદિર ખાતે પહોંચી હતી અને ત્યા દિવંગતોને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.જેમાં મોરબીના ધારાસભ્ય કાંતિ અમૃતિયા, ટંકારાના ધારાસભ્ય દુર્લભજીભાઈ, પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મનપા કમિશ્નર,જિલ્લા કલેકટર, જિલ્લા પોલીસ વડા, જિલ્લા વિકાસ અધિકારી અને અધિક કલેકટર દ્વારા પુષ્પાંજલી અર્પણ કરી બે મીનીટનું મૌન ધારણ કરવામાં આવ્યું હતું. તેમજ આ કાર્યક્રમમાં જળ હોનારત માં મૃતકોના પીડિત પરિવારજનો તેમજ મોરબીના તમામ પક્ષના નેતાઓ, વેપારીઓ અને મોરબીના નગરજનો જોડાયા હતા.

# રીબડા પેટ્રોલ પંપ ફાયરિંગ કરાવનાર હિસ્ટ્રીસીટર હાર્દિકસિંહ જાડેજા ઝડપાયો

એસએમસીની ટીમે કેરળના કોચી ખાતેથી અન્ય સાગરિત સાથે દબોચી લીધો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ નજીક રીબડા ખાતે અનિરુદ્ધસિહ જાડેજાના ભત્રીજા ના પેટ્રોલ પંપ પર ફાયરિંગ કરાવનાર હિસ્ટ્રીસીટર હાર્દિક સિહ જાડેજા કેરળના કોચીમાંથી એસએમસીની ટીમે દબોચી લીધો હોવાના અહેવાલ સાંભળે છે.

રીબડા પેટ્રોલ પંપ પર તારીખ ૨૪ ની મૂડી રાત્રિના બે ભાઈક સવાર સત્સંગ ફાયરિંગ કર્યું હતું અને નાસી છૂટ્યા હતા. જે ઘટનામાં હાર્દિક સિહ જાડેજા સોશિયલ મીડિયામાં વાયરલ વિડીયો કરીને પોતે આ ફાયરિંગ કરાવ્યું હોવાની કેફિયત આપી હતી. આ ઘટનામાં રાજકોટ રૂરલ એલસીબીએ ચાર ભાડૂતી મારાઓને ઝડપી પાડયા હતા જ્યારે મુખ્ય સૂત્રધાર હાર્દિક સિહ હાથ લાગ્યો ન હતો.

અંતર્ગત વર્તુળોમાંથી જાણવા મળીએ મુજબ હાર્દિકને શોધવા માટે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ પણ કામે લાગી હતી. હ્યુમન અને ટેકનિકલ સોર્સ મારફતે રાજકોટ રોડ પોલીસ ઉપરાંત એસએમસી સહિતની ટીમો કાર્યરત હતી એ દરમિયાન એસએમસીની ટીમને હાર્દિકસિહ કેરળના કોચીમાં છુપાયો હોવાની માહિતી મળી હતી જે આધારે એક ટીમ કોચી દોડી ગઈ હતી અને હાર્દિક સિહને ઉઠાવી લેવાયો હતો. એવું પણ જાણવા મળે છે કે તેની સાથે અન્ય બે શખ્સ પણ હતા.

આરોપીને પકડીને ટીમ ગુજરાત આવવા રવાના થઈ હોવાની વિગતો સાંપડે છે. અહીં આવ્યા બાદ આરોપીની પોલીસ અધિકારીઓ દ્વારા પૂછતાછમાં ફાયરિંગ ભાબતેની હકીકતો બહાર આવશે.

# ધોરાજીના વેલરીયા ગામે શાળાની જગ્યામાં મસ્જીદ બનાવવાની ધમકી

તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘ દ્વારા પ્રાંત એએસપીને આવેદન પાઠવી કાર્યવાહી કરવા માંગ



**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજી તાલુકાના વેલારિયા ગામે સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોને સ્થાનિક ગામના વ્યક્તિ દ્વારા વારંવાર પજવણી કરી અને ધમકીઓ આપવાના મુદ્દે ધોરાજી તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘ દ્વારા આજરોજ ધોરાજી પ્રાંત અધિકારી તેમજ એએસપી કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. શિક્ષક સંઘના પ્રમુખ ધવલ કુમાર પટેલ અને મહામંત્રી રાકેશભાઈ અંટાળા સહિત શિક્ષક સંઘના હોદ્દેદારોએ આપેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે ધોરાજી તાલુકાની વેલારીયા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા સતીશ ભાઈ સિંહાર અને કલ્પેશભાઈ પરડવા ને ગામના અસ્લમ સુમરા નામના વ્યક્તિ દ્વારા વારંવાર ધમકી આપવામાં

આવે છે.વારવાર ફોન કરી શાળ-ામાં નહીં આવવા કહેવા ઉપરાંત શાળા પર કબજો કરી લેવો છે અને શાળાની જગ્યા એ મદ્રેસા અને મસ્જિદ બનાવવી છે તેમ જણાવેલ વારંવાર ધમકી ને લઈ શિક્ષકો ને જાન નું જોખમ હોય જેથી સત્વરે યોગ્ય કાર્યવાહી કરવા સંઘના હોદેદારો દ્વારા આવેદન આપવામાં આવ્યું હતું. સમગ્ર મામલે ઉપલેટા પોલીસ

દ્વારા ફરિયાદી શિક્ષકનું નિવેદન નોંધવામાં આવ્યું છે. જેમાં ફરિયાદી શિક્ષક દ્વારા ગામના અસ્લમ સુમરા અને તેના પિતા દ્વારા વારંવાટ ધમકી આપી શાળાએ નહીં આવવા નહીંતર ટાંટિયા ભાંગી નાખવા ધમકી અપાઈ હોય તેમ નિવેદનમાં પોલીસ સમક્ષ લેખિત જણાવ્યું હતું. સમગ્ર મામલે પોલીસ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# જંગલેશ્વરમાં માનસિક બિમારીથી કંટાળી ઝેરી દવા પી લેનાર રીક્ષાચાલકનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જંગલેશ્વર વિસ્તારમાં રહેતા અને રીક્ષા ચલાવી ગુજરાત ચલાવતા ૪૦ વર્ષીય યુવાને ગત તારીખ ૪ ના રોજ માનસિક બીમારીથી કંટાળી ઝેરી દવા પી લીધી હતી. જેને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડાયા બાદ દાખલ કરવામાં આવ્યો હતો. જે યુવાનનુ આજે વહેલી સવારે મોત નીપજ્યું હતું. જ્યારે હળવદના ચરાડવા ગામે આવેલા કારખાનામાં કામ કરતા યુવાને કારખાનાની ઓરડીમાં ગળાફાંસો ખાઈ લેતા મોત નિપજ્યાનું પોલીસ સૂત્રો જણાવ્યું છે. જાણવા મળતી વિગતો મુજબ જંગલેશ્વર વિસ્તારમાં અંકુર સોસાયટી શેરી નં.૩માં રહેતા અને રીક્ષા ચલાવતા રમઝાનભાઈ અલ્લારખાભાઈ લીંગડીયા (ઉ.વ.૪૦)એ ગત તા.૪/૮ના રોજ પોતાના ઘરે સાંજના સાડાસાત વાગ્યા આસપાસ ઝેરી દવા પી લીધી હતી. પરિવારજનોને જાણ થતા તુરંત તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં આજરોજ ચાલુ સારવાર દરમિયાન મૃત્યુ નિપજતા ભકિતનગર પોલીસ મથકને જાણ કરી કરાતા હેડકોન્સ્ટેબલ પ્રશાંતસિંહ ગોહિલ ટીમ સાથે હોસ્પિટલ દોડી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં રમઝાનભાઈને સંતાનમાં ૧ દીકરો અને ૧ દિકરી છે. તેઓ ૨ ભાઈ અને બે બહેનમાં નાના હતાં.બે એક વર્ષની તેમની મનોસ્થિતિ સ્વસ્થ નહોતી, જેના કારણે પગલું ભરી લીધાનું અનુમાન છે. બનાવથી પરિવારમાં ગમગીની છવાઈ હતી.

# કોઠારીયા ગામે દારૂ અને કાર સહિત ૫.૯૩ લાખના મુદામાલ સાથે એક ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા નવા રીંગ રોડ પર ગત મોડીરાત્રે દારૂ ભરેલી કાર અને પોલીસ વચ્ચે જાણે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હોય તેમ પોલીસે પાંચેક કિલોમીટર સુધી દારૂ ભરેલી કારનો પીછો કર્યો હતો. અંતે કારનું ટાયર ફાટતાં પોલીસે દારૂ ભરેલી કાર સાથે એક શખ્સને ઝડપી લીધો હતો ત્યારે અન્ય એક શખ્સ અંધારાનો લાભ લઈ નાસી છુટયો હતો. પોલીસે રૂા.૯૩૪૦૦નો દારૂ અને કાર મળી કુલ રૂા.૫.૯૩ લાખનો મુદ્દામાલ કબજે કરી નાસી છુટેલા શખ્સની શોધખોળ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ, એલસીબી ઝોન-૧નાં હેડ કોન્સ્ટેબલ એચ.આર. પરમાર, જગદીશસિંહ પરમાર સહિતનો સ્ટાફ ગત રાત્રે પેટ્રોલીંગમાં હતો. દરમિયાન કોઠારીયા નવા રીંગ રોડ પર શુભ ચોકડી પાસેથી દારૂ ભરેલી કાર પસાર થવાની હોવાની બાતમીના આધારે પોલીસે રાત્રે ૧૨ વાગ્યાના અરસામાં શુભ ચોકડી પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન લોઠડા તરફથી આવતી બાતમી મુજબની કારને રોકવાનો ઈશારો કરતાં કાર ચાલકે કાવો મારી કાર કોઠારીયા ગામ તરફ હંકારી મુકી હતી. જેથી પોલીસે દારૂ ભરેલી કારનો પીછો કરતાં મોડીરાત્રે બુટલેગર અને પોલીસ વચ્ચે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતાં. પોલીસે પાંચેક કિલોમીટર સુધી કારનો પીછો કર્યો હતો.



દરમિયાન શિવભવાની ચોક પાસે દારૂ ભરેલી કારનું ટાયર ફાટતાં તે ઉભી રહી ગઈ હતી. જેથી પોલીસ કાર નજીક પહોંચતાં કારમાંથી એક શખ્સ ઉતરીને ભાગવા લાગ્યો હતો. પોલીસે તેનો પીછો કર્યો હતો. પરંતુ અંધારાનો લાભલઈ નાસી છુટયો હતો. પોલીસે કાર ચાલક દેવેન્દ્ર કેશુરભાઈ ભારવાડીયા(રહે.મુંજકા ગામ)ને ઝડપી લઈ કારની તલાસી લેતાં વિદેશી દારૂની બોટલ નં.૭૦ કિ.રૂા.૯૩૪૦૦ મળી આવી હતી. જેથી પોલીસે દારૂ અને કાર મળી કુલ રૂા.૫,૯૩,૪૦૦નો મુદ્દામાલ કબજે કરી કાર ચાલકની ધરપકડ કરી હતી. અને નાસી છુટેલા શખ્સ બાબતે પુછપરછ કરતાં નાસી છુટેલો શખ્સ તેનો કૌટુંબીકભાઈ કમલેશ જેતાભાઈ ભારવાડીયા હોવાનું જણાવતાં પોલીસે બન્ને વિરૂધ્ધ ગુનો નોંધી કમલેશની શોધખોળ હાય પરી છે.

નારાયણનગરમાંથી દારૂ-બીયર સાથે ત્રણ પકડાયા પેડક રોડ પર નારાયણનગરમાં રહેતાં બાવ-ાલાલ રંગાણી પોતાના મકાને દારૂ વેચતો હોવાની બાતમીના આધારે પોલીસે દોડી જતાં બે શખ્સો સ્કુટરમાં આવતાં હોય તેને રોકી પુછપરછ કરતાં બન્નેએ બાવાલાલ રંગાણી પાસે બિયરના ટીન લેવા આવ્યા હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે સ્કુટર સવાર અશ્વિન ગોબરભાઈ સાંગાણી અને લલિત મુકેશભાઈ જુલાપરાને પકડી તેના સ્કુટરમાંથી બિયરના ટીન નં.૪ કબજે કર્યા હતાં. બાદમાં આ શખ્સોને સાથે રાખી બાવાલાલ રંગાણીના મકાનમાં દરોડો પાડતાં બિયરના ટીન નં ૨૪ અને દારૂના ચપલા નં ૪ મળી આવતાં પોલીસે કુલ ૯,૫૩૪નો દારૂ બિયર કબજે કરી ત્રણેયની ધરપકડ કરી હતી.